ભરતખંડના ઇતિહાસનો
પ્રશ્નોત્તર.

ભરતખંડના ઇતિહાસનો

પ્રશ્નોતર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ગાંધી જમનભાઈ રઘુનાથદાસ તથા ચોકસી નારણલાલ

હીરાચંદ

નડીયાદ મધ્યે

અમદાવાદી ચઉટામા વાયડા પોળમાં શા૦ રણછોડદાસ

ખુશાલદાસના ડેહેલામા સત્યસાગર પ્રેસમાં,

શા૦ રતનચંદ કાળીદાસે છાપ્યુ.

સને ૧૮૮૧

કિંમત રૂ૦-૩-૦

QUESTIONS & ANSWERS OF THE HISTORY OF BHARATKHAND.

ભરતખંડના ઈતિહાસનો પ્રશ્નોતર.

પ્રકરણ ૧ લું.

પ્ર० આર્ય પ્રજાનું મુળ સ્થાન કયાં કહેવામાં આવે છે?

ઉ० મધ્ય એશીયામાં ઓકસસ નદીના પ્રદેશમાં ને તેની આશ પાસના પ્રદેશમાં.

પ્ર० મુળ રેઠાણોમાંથી પ્રથમ તે જાત કયાં કયાં પ્રસરી?

ઉ० કેટલાક યુરોપમાં કેટલાક ઈરાનમાં ને ભરતખંડની સીંધુ નદીને કાંઠે ને ત્યાંથી ભરતખંડમાં રહ્યા.

પ્ર० સંસ્કૃતમાં જુનામાં જુના ગ્રંથનું નામ તથા તેના પેટાના પુસ્તકોનાં નામ?

ઉ० સંસ્કૃતમાં સર્વથી જુનામાં જુનો ગ્રંથ વેદ છે તેમાં દેવની પ્રાર્થના લખી વેદાંગો તથા ઉપનીશદાદી વેદો વીગેરે તેના પેટાનાં પુસ્તકો છે.

પ્ર० સ્મૃતીઓમાં શું લખે છે?

ઉ० એમાં રાજા પ્રજાના કાયદા તથા બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણોને કરવાની ક્રીયા લખી છે તે ઉપરથી તે સમયના લોકની સ્થીતીનું જ્ઞાન થાય છે.

પ્ર० કયા ધર્મને બૌદ્ધ માર્ગ કહે છે અને તેને કોણે પળાવ્યો?

ઉ० યજ્ઞ કરવામાં જે પશુઓ હોમતા તે પશુ હીંસાથી કંટાળીને કેટલાક વિદ્વાનો યજ્ઞ કરનારની સામા થયા તેમાં શાકયશીંહ નામે રાજા પુત્ર મુખ્ય હતો તેણે ચલાવેલા માર્ગને બૌદ્ધ માર્ગ કહે છે.

પ્ર० શાકયશીંહ વિશે તમે શું જાણો છો?

ઉ० તે રાજા પુત્ર રાજ્ય છોડી દઈ સાધુ થયો ને લોકને કહેવા લાગ્યો કે અજામેધ અશ્વમેધ વીગેરે પાપી યજ્ઞ ન કરવા જોઈએ; પરમેશ્વરને પણ

તે માનતો નહી ને તેના મુખ્ય ચાર મત હતા (૧) પશુ હોમવાનો ધાપી યજ્ઞ ન કરવો જોઈએ (૨) સઘળા માણસ સરખા છે (૩) જન્મથી કોઈ ઉંચ નીચ નથી (૪) કર્મ બંધ પડે નહીં ત્યાં સુધી જન્મ મરણથી જીવ છુટે નહી.

પ્ર૦ મુર્તી પુજન, વર્ત વરતુલાને જાત્રાનો ચાલ શી રીતે સ્થાપન થયો?

ઉ૦ શાકયસીંહના મત પ્રમાણે ઘણા માણસો નિર્વાણ પામેલા એટલે મોક્ષ ગએલા ગણાતા તેમના બદલામાં એટલે મુર્તીઓ કરી બૌદ્ધ ધર્મીઓ તેમની પુજા કરવા લાગ્યા અને ગામ પરગામ તેમના દરશન કરવા એટલે જાત્રા કરવા જતા અને તેમની બાધાઓ રાખતાં.

પ્ર૦ બૌદ્ધ ધર્મ કયા સમયમાં થયો છે?

ઉ૦ ઈ૦ સ૦ પુર્વે ૫૫૦ વર્ષ ઉપર.

પ્ર૦ મુળ ચાર નાતો તુટીને હજારો નાતો કયારે થઈ?

ઉ૦ વેદધર્મીઓ અને બૌદ્ધ ધર્મ વચે ઝઘડા થયા ત્યારે; અને તે વખતને કળયુગ એટલે ઝઘડાનો વખત કહે છે.

પ્ર૦ અયોધ્યાના સૂર્યવંશી દશરથ રાજાને કેટલા પુત્ર હતા ને મોટાનું નામ શું?

ઉ૦ ચાર કુંવર હતા તેમાં સૌથી મોટાનું નામ રામ હતું.

પ્ર૦ રામ કોની સાથે પરણ્યા હતા?

ઉ૦ મિથિલના રાજા જનકની અતિ સુંદર અને ગુણવાન કુંવરી સીતા સાથે.

પ્ર૦ રામ સીતાને શી રીતે પરણ્યા?

ઉ૦ જનક રાજાએ સ્વયંવરનો મંડપ રચ્યો હતો ને તેમાં એક ભારે ધનુષ મુકયું હતું જનકનો ઠરાવ હતો કે જે એ ધનુષ ઉપાડી ભાગે તેને કુંવરી પરણાવવી આ ધનુષ, મંડપમાં આવેલા કોઈથી ભગાયું નહીં પણ રામે તે ભાગ્યું તેથી તેને સીતા પરણાવી.

પ્ર૦ રામને દેશવટો શાથી ભોગવવો પડયો ને તેનું કારણ શું?

ઉ૦ દશરથને એક કૈકેઈ નામે રાણી હતી તેને એક સમયે પ્રસન્ન થવાથી રાજાએ બે વરદાન માગવાનું કહ્યું ત્યારે રાણીએ કહ્યું કે તે કોઈ પણ પ્રસંગે માગીશ હવે જ્યારે દશરથ ઘરડો થયો ત્યારે તે રાજ

ધાર રાજાને સોંપવાની તૈયારી કરતા હતા તે વેળા કૈકેયીને ઈર્ષા આવી તેથી તેણે આ પ્રસંગે રાજા પાસે પેલાં બે વરદાન માગ્યાં. પેહેલું એ કે મારા પુત્ર ભરતને રાજ ગાદીએ બેસાડો ને બીજું રામને દેશવટો દ્યો તેથી રામે પોતાના પિતાનું વચન પાળી દેશવટો ભોગવ્યો.

પ્ર૦ રાવણ અને રામને પ્રથમ વેર થવાનું કારણ શું ને તે વેર રાવણે શી રીતે લીધું?

ઉ૦ ગોદાવરીના તીરે રામ દેશવટો ભોગવતા હતા ત્યારે રાવણની બેહેન તેને પરણવા સારૂં ગઈ પણ રામે તેને અપમાન કરી કાહાડી મૂકી તથી રાવણ ગુસ્સે થયો અને એક દીવસ રામ લક્ષ્મણ હરણ મારવા ગયા હતા તેવામાં લાગ જોઈ વનમાંથી સીતા લઈ ગયો.

પ્ર૦ સીતાની શોધમાં રામને કોના કોની મદદ મળી હતી?

ઉ૦ દક્ષિણ દેશના હનુમાન રાજાની.

પ્ર૦ હનુમાન રાજાની પ્રજાને વાંદરા કેમ કહ્યા હશે?

ઉ૦ તે પ્રજા પ્રથમ જંગલી હશે માટે.

પ્ર૦ રામ અને રાવણની લડાઈનો શો પરીણામ થયો?

ઉ૦ રાવણ, તેનો છોકરો ઈંદ્રજીત, તેનો ભાઈ કુંભકરણ, વીગેરેને જીતી લઈ લંકાનું રાજ રામની તરફના રાવણના ભાઈ વિભીષણને આપ્યું.

પ્ર૦ ભારતના બનાવનારનું નામ અને તે ભારતમાં શું લખ્યું છે?

ઉ૦ વ્યાસે ભારત રચ્યું છે. અને તેના ચંદ્રવંશી રાજાઓના નામ ને પરાક્રમ લખ્યાં છે અને પાંડવ કૌરવ વચેના યુદ્ધનું વર્ણન છે.

પ્ર૦ કૌરવ પાંડવ કોણ હતા?

ઉ૦ ચંદ્રવંશી રાજા ભરતના કુળના ધૃતરાષ્ટ્રને પાંડુ નામે બે ભાઈ હસ્તિના પુરમાં રાજ કરતા હતા ધૃતરાષ્ટ્રને ૧૦૦ કુંવરો હતા અને તેઓ કૌરવો કેહેવાતા હતા એમાંના સર્વથી મોટા કુંવરનું નામ દુર્યોધન હતું. પાંડવને પાંચ પુત્ર હતા. યુધિષ્ઠિર, અરજુન, ભીમ, નિકુળ ને સહદેવ તેઓ પાંડવો કહેવાતા હતા.

પ્ર૦ કૌરવ પાંડવો વચ્ચે અણબનાવ શાથી થયો?

ઉ૦ પંચાળ દેશના દ્રુપદ રાજાને દ્રૌપદી નામે કુંવરી પરણાવવાની હતી

અને કૌરવો આવ્યા હતા દ્રુપદનો એવો નિશ્ચય હતો કે ઉ [illegible] ફરતા મચ્છનુ પ્રતિબિંબ પાણીમાં દેખાતું હતું તે જોઇ ઉપરના મચ્છને વિંધે તેને કુંવરી પરણાવવી આ કામ કૌરવ વીગરે કોઇથી ન થયું પણ અરજુને કર્યું તેથી પાંડવને દ્રૌપદી પરણાવી તેથી કૌરવને ઇર્ષા આવી.

પ્ર૦ આ આણુ બનાવનો શો પરીણામ થયો?

ઉ૦ આ આણુ બનાવથી હસ્તિનાપુરના રાજ્યના બે ભાગ કર્યા. અને કૌરવ પાંડવોએ વેહેંચી લીધા પોતાના ભાગમાં જઇ પાંડવોએ ઇંદ્રપ્રસ્થ નામે નગર વસાવ્યું અને એમનુ રાજ્ય વિસ્તાર પામ્યું.

પ્ર૦ પાંડવોને વનવાશ કેમ જવું પડ્યું?

ઉ૦ કૌરવ સાથે તેઓ જુગટુ રમ્યા તેમાં રાજ્ય હાર્યા તથા બાર વરસ વનવાશ જવું પડ્યું.

પ્ર૦ પાંડવ કૌરવ વચે લડાઇ થવાનું કારણ શું?

ઉ૦ પાંડવોના તરફથી વકિલે જઇ દુર્યોધન પાસે રાજ્યનો ભાગ માગ્યો તે તેણે ના આપ્યો.

પ્ર૦ પાંડવ કૌરવ વચે લડાઇનુ શું થયું?

ઉ૦ આ લડાઇમાં પાંડવો તરફ કૃષ્ણ તથા દ્રુપદ વિગેરે હતા કુરક્ષેત્રમાં (પાણીપતના મેદાનમાં) લડાઇ થઇ તેમાં કૌરવો હાર્યા.

પ્ર૦ પાંડવ રાજા રાજ્ય કોને સોંપી હિમાલય (પરલોકમાં ગયા)?

ઉ૦ અભિમન્યુના કુંવર પરિક્ષતને.

પ્ર૦ આ બનાવ ક્યારે બન્યો?

ઉ૦ આશરે પાંચ હજાર વર્ષ ઉપર.

પ્રકરણ ૨ જું.

પ્ર૦ પ્રાચીન કાળમાં પરદેશી રાજાએ ક્યાં થઇને ભરતખંડ ઉપર ચ્હડાઇઓ કરી?

ઉ૦ અફગાનીસ્તાનની વાટે.

પ્ર૦ ઇ૦ પુ૦ ૫૧૮ માં કયા પારશી રાજાએ માનવા જોગ ઇતિહાસમાં નોંધાયલો હુમલો કર્યો ને તેનુ પરીણામ શું?

ઉ૦ દરવેશ સુરતારએ હુમલો કર્યો તેણે સિંધુ નદી-
લક્ષ્ જતી ત્યાં અમલ કરવાને હુકમ નીમ્યો.

પ્ર૦ આ પારશી રાજ્ય કોણે તાબે કરી લીધું?

ઉ૦ ઈ૦ સ૦ પુ૦ ૩૨૭ માં ગ્રીસ દેશનો મહારાજા સિકંદર સિંધુને તીરે અટક આગળ આવ્યો ત્યાં જેલમ નદીથી દિલ્હી સુધીના પ્રદેશમાં પોરવ કુળનો કોઈ બળવાન રાજા રાજ્ય કરતો હતો તેની સાથે સિકંદરને ગુજરાત આગળ યુદ્ધ થયું તેમાં પોરવ હાર્યો આખરે તે રાજ્ય, રાજા ઉપર દયા આવવાથી પાછું આપ્યું.

પ્ર૦ મૌર્યવંશી રાજા ક્યા કહેવાય છે?

ઉ૦ મગધના રાજ્યમાં બિમ્બીસાર અને અજાત શત્રુ થઈ ગયા છે તેમાં અજાત શત્રુથી છઠા રાજાનુ નામ નંદ હતું આ નંદને અનૌરસ પુત્ર નામે ચંદ્રગુપ્ત હતો તેણે સિકંદરના ગયા કેડે પંજાબ, મગધના રાજ્ય ઉપર ઈ૦ પુ૦ ૩૧૫ માં ગાદીએ બેઠો તે અને તેના કુળના રાજાઓ મૌર્યવંશી રાજા કહેવાય છે.

પ્ર૦ ચંદ્રગુપ્ત કેટલા વર્ષ રાજ્ય કર્યું અને ક્યારે મરણ પામ્યો?

ઉ૦ ૨૪ વર્ષ રાજ્ય કરી ઈ૦ સ૦ પુ૦ ૨૯૧ની સાલમાં મરણ પામ્યો.

પ્ર૦ ચંદ્રગુપ્તના છોકરાનું નામ શું તથા તેનુ બીજુ નામ શું?

ઉ૦ મીત્રગુપ્ત અને બીજુ નામ બીંદુસાર.

પ્ર૦ બીંદુસાર કઈ સાલમાં મરણ પામ્યો ને કેટલા વર્ષ રાજ્ય કર્યું?

ઉ૦ ૨૮ વર્ષ રાજ્ય કરી ઈ૦ સ૦ પુ૦ ૨૬૩ માં મરણ પામ્યો.

પ્ર૦ બીંદુસાર પછી કોણ ગાદીએ બેઠું?

ઉ૦ તેનો દીકરો પ્રીયદર્શી બેઠો ને તેનું બીજું નામ અશોક.

પ્ર૦ અશોક કઈ સાલમાં મરણ પામ્યો?

ઉ૦ ઈ૦ સ૦ પુ૦ ૨૨૩ માં.

પ્ર૦ મૌર્યવંશી રાજાના વખતમાં ભરતખંડના લોકની સ્થિતિ, રીતભાત અને ન્યાય તથા રાજ્યનિતિ કેવાં હતાં?

ઉ૦ બ્રાહ્મણો અને જોગીઓ તે કાળે બહુ તપ કરતા, લોકો ઉદ્યોગી અને ધનવાન હતા શીવેલાં કપડાં પેહેરવાનો ચાલ નહોતો તેઓ વણવાના તથા લુહારના તથા સુતારના હુનરોથી જાણીતા હતા તેઓની અ-

...ોમાં કહ્યા પ્રમાણે હતી તથા સ્ત્રીઓની અવસ્થા મનુ-સ્મૃતિમાં કહ્યા પ્રમાણે હતી બાળ લગ્ન નહતાં પણ સતી થવાનો ચાલ નીકળ્યો હતો અને પોલીસનો બંદોબસ્ત સારો હતો રાજા તથા તેના કારભારી પંચની મારફતે ઇનસાફ કરતા ગામનો બંદોબસ્ત કરનાર મુખી પટેલ હતા તેઓ સરકારી નોકર ગણાતા પણ તેઓની પાસે જમીન હતી લેણાં દેવાની ફરીયાદ થોડી આવતી.

પ્ર૦ કયા મૌર્યવંશી રાજાએ બૌદ્ધ ધર્મનું માન્ય વધાર્યું ને તે શી રીતે?

ઉ૦ માહારાજા અશોકે જાહેર રીતે બૌદ્ધ માર્ગ સ્વીકાર્યો ને પોતાની સતર વર્ષની ઉમરે રાજ્યમાં બૌદ્ધ માર્ગને ખુલ્લો આશરો આપ્યો પણ કોઇ પાસે બળાત્કારે મત મનાવ્યો નહી એણે પોતાના દેશના પાલી ભાષાના ધર્મના પુસ્તકો બનાવ્યાં અને તીબેટ, બ્રહ્મદેશ, શીઆમ, ચીન, જાવા, સીંહલદ્વીપ વિગેરે દેશમાં બૌદ્ધ માર્ગ ચલાવવાને જતીઓ મોકલ્યા.

પ્ર૦ બૌદ્ધ ધર્મમાં ને જૈન ધર્મમાં શો તફાવત છે અને શું મળતાપણું છે?

ઉ૦ બૌદ્ધ ધર્મમાં જ્ઞાતીભેદ નથી. તો પણ તે શ્રાવક પાળે છે જૈન લોકો બૌદ્ધ ધર્મીઓની પેઠે ૨૪ તીર્થંકરોને મુખ્ય માને છે ને તેને પરમેશ્વર કહે છે બૌદ્ધની પેઠે તેઓને પણ હીંસા ન કરવી એ મુખ્ય ધર્મ.

પ્ર૦ જૈન ધર્મ કયા વખતમાં ચઢતી ઉપર હતો?

ઉ૦ ઇ૦ સ૦ ૬૦૦ થી ૧૨૦૦ સુધી ત્યાર પછી પડતી થઇ.

પ્રકરણ ૩ જું.

પ્ર૦ આપણા લોકનું અસલ નામ શું હતું, અને હાલનુ હિંદુ નામ શા ઉપરથી પડ્યું છે?

ઉ૦ આપણા લોકનુ અસલ નામ આર્ય હતું; પણ પરદેશીઓનુ પાડેલું હિંદુ નામ પ્રખ્યાત થઇ ગએલું છે. ફારશીમાં સિંધુને કાંઠે વસનારાને હિંદુ કહ્યા છે.

પ્ર૦ મૌર્યવંશ પછી કયા લોકનો અમલ થયો, ને કયા મુલકમાં?

ઉ૦ પંજાબ, સિંધ, અને ગુજરાતમાં બાકત્રિઆના ગ્રીક રાજ્યનો અમલ થયો સંભવે છે.

પ્ર૦ એ (આફગાનિસ્થાના) રાજ્યને કોણે અને કેઅ જાતના લોકોએ જીતી લીધું?

ઉ૦ એ રાજ્ય પાર્થીઆના શક લોક જીતી લીધું, ને એ શક લોક તુર્ક હતા.

પ્ર૦ એ તુર્ક રાજ્ય કોણે જીતી લીધું અને તેમની રાજધાની ક્યાં આગળ ને પાટનગર કયું શોહેર કર્યું?

ઉ૦ એ રાજ્ય બ્રાહ્મણ ધર્મ માનનારા રજપુત લોકે જીતી લીધું. અને તેની આગળ રાજધાની કાબુલ શેહેરમાં હતી, આગળ તેમણે પાછા હઠી લાહોર પાટનગર કર્યું.

પ્ર૦ [illegible] રાજ્ય ગયું ને ત્યાર પછી [illegible]

ઉ૦ સાતમા (જે આફગાનિસ્થાને આધીન હતો) તેને ભાગ ગયું ને ત્યાર પછી [illegible], [illegible], [illegible] ને ચાલુકાવંશ.

પ્ર૦ મગધ દેશમાં [illegible] પછી કોણ મુખ્ય [illegible] થયા ને તેમણે ક્યાં [illegible]

ઉ૦ [illegible] સુધી, [illegible] ઈ૦ સ૦ ૩૧ લગી, [illegible] ને પરમાર વંશ.

પ્ર૦ [illegible] સૌથી પ્રખ્યાત રાજા કોણ અને તેમની રાજધાની કયું?

ઉ૦ વિક્રમરાજા અને [illegible] માળવામાં [illegible] છે.

પ્ર૦ [illegible] માળવામાં રહ્યું તે ક્યા મુસલમાન સરદારે ઉથલ્યું?

ઉ૦ ઈ૦ સ૦ ૧૨૩૧ મા મુસલમાનોએ માળવા [illegible] કર્યું ત્યાં સુધી, ને તે અલમગીને જીતી લીધું.

પ્ર૦ વિક્રમરાજા કેવો હતો ને તેને શું નામ આપેલું છે?

ઉ૦ એ રાજા ઘણો [illegible] ને પરોપકારી હતો ને તેને પરદુઃખભંજન નામ આપેલું છે.

પ્ર૦ મુસલમાન રાજાઓ હુમલો કરવા લાગ્યા ત્યાર પહેલા નર્મદાની ઉત્તરે હિમાલય સુધી કીયાં છ મોહોટા રાજ્યો હતા ને ત્યાં કેવો ધારો હતો?

ઉ૦ (૧) પંજાબ (૨) દિલ્હી (૩) કનોજ (૪) બંગાળા (૫) મેવાડ

(૬) ગુજરાત વખતે એ છમાંનું કોઇ બીજાં નાનાં તમામને માથે મહું તેનું કારણ એ કે રાજાઓ સંપ કરી એકઠા મળે અને રાજ સભામાં કોઇને રાજાધિરાજ નિમે એવો કાયદો નોહોતો માટે લડાઇઓ થતી ને તેમાં જે ભુપતિ મહા બુદ્ધિવાન ને પરાક્રમી નીકળે ને તેની પાસે બીજાં સાધનો હોય ત્યારે સર્વેનો ઉપરી થાય એવો ધારો હતો.

પ્ર૦ આપણા સંસ્કૃતમાં કયા મુલકને દ્રાવિડ દેશ કહે છે?

ઉ૦ મુંબાઇ અને મદ્રાસ ઇલાકાના દક્ષિણના મોટા ભાગને દ્રાવિડ દેશ કહે છે.

પ્ર૦ દ્રાવિડ દેશ ઉપર પ્રથમ કોણે સ્વારીઓ કરી?

ઉ૦ (૧) અયોદ્ધાના રામે કરી (૨) ચંદ્રગુપ્તે (૩) કાશમીરના ગોનાર્દ કુળના રાજા મેઘવાહને કરી (૪) બંગાળાના રાજા દેવપાળદેવે કરી.

પ્ર૦ તે વખતે દક્ષિણમાં મોટાં મોટાં કીયાં રાજ્યો હતાં ને તેના નામ શાં ને ત્યાં કોણ રાજ્ય કરતું હતું?

ઉ૦ મધુપુરી (મદુરા) માં પાંડય વંશના રાજા રાજ્ય કરતા હતા; બીજુ કાંચી (કંજીવરમકે કાંચી પુરમ) અહીંઆં ચોળ વંશના રાજા રાજ કરતા હતા ત્રીજું ત્રાવણકોર, મલબાર, મ્હૈસુરનો આથમણો ભાગ તેમાં ચેરા કુળના રાજા રાજ્ય કરતા હતા. ચોથું ગોદાવરીને કાંઠે પૈઠણ નગરમાં ઇ૦ સ૦ ૭૭ માં સાલીવાહન નામે મોટો રાજા રાજ્ય કરતો હતો. પાંચમું કલ્યાણીમાં ચાલુકય (સોલંકી) રાજા રાજ્ય કરતા હતા છઠું વરંગુળનુ રાજ્ય, સાતમું ઓઢીયા પ્રાંત, એમાં કેશરી વંશના રાજા રાજ્ય કરતા હતા.

પ્ર૦ લિંગાયત પંથ કોણે ઉઠાવ્યો?

ઉ૦ બસાપ્પા નામે બ્રાહ્મણે.

પ્રકરણ ૪ થું.

પ્ર૦ મુસલમાની સન કયારથી ગણાયછે, અને તે હીજરી સન શાથી કહેવાય છે?

ઉ૦ ઇ. સ. ૬૨૨ માં મહંમદ પેગમ્બરે મક્કામાં ઉપદેશ કરી પોતાનો મત ચલાવવા માંડયો તે વખતે ત્યાંના લોકો ગુસ્સે થયા, ને તેને મારી

નાંખવાનો ઇરાદો કર્યો, તેથી મહંમદ પેગમ્બર ત્યાંથી નાશીને મદીને ગયો, નાસવાને આરબી ભાષામાં હીજરી કહે છે; તેથી તે સન હીજરી કહેવાય છે.

પ્ર૦ મહંમદનો ધર્મ શી યુક્તિથી અને શું શીખવ્યાથી બધે ફેલાયો?

ઉ૦ તેણે લોકોને એવું શીખવ્યું કે જે ધર્મને માટે મરે તે સ્વર્ગે જાય; ને મુસલમાન ધર્મમાં ગમે તે પ્રકારે બીજાને લાવવા તે મોટું પુન્ય છે એવું શીખવ્યાથી મુસલમાન ધર્મનો ફેલાવો થયો.

પ્ર૦ પેગમ્બરની પછી ગાદીએ થનારને શું કહેતા?

ઉ૦ ખલીફા કહેવાતા.

પ્ર૦ હિંદુસ્તાન ઉપર કયા મુસલમાન સરદારે પેહેલ વહેલી સ્વારી કરી; ને તેની સામો કયો રજપુત રાજા થયો ને તેનું શું થયું ને કેઇ સાલમાં?

ઉ૦ બસરાના સુબાએ મહમદ કાશીમને સિંધ ઉપર હુમલો કરવાને મોકલ્યો, એ વેળાએ ત્યાં દાહીર નામે રજપુત રાજા રાજ્ય કરતો હતો; તે કાસમની સામે થયો પણ એ લડાઇમાં દાહીર મરાયો, કાસમે તેની રાજ્યધાની દેવલનગર જીત્યું, ને લુંટી લીધું, ને ત્યાંની વસ્તીને કતલ કરી; ત્યાર પછી કેટલેક વર્ષે રજપુતોએ રાજ્ય પાછું લીધું.

પ્ર૦ મહમુદ કાશીમ પછી ભરતખંડ ઉપર કોણે સ્વારી કરી, ને તેની સામો કયો રજપુત રાજા થયો?

ઉ૦ અલપ્તગીનના જમાઇ સબકતગીને ભરતખંડ ઉપર ચડાઇ કરી; તે વખતે તેની સામે લાહોરનો જયપાળ રાજા થયો; તેમાં તે હાર્યો.

પ્ર૦ સબકતગીનની પછી ગીજનીની ગાદીએ કોણ બેઠું અને તેણે શાં પરાક્રમ કર્યાં.

ઉ૦ સબકતગીનની પછી તેનો છોકરો મહમદ ગીજનીની ગાદીએ બેઠો, તેણે ભરતખંડમાં બાર સ્વારીઓ કરી, અને હિંદુઓના દેરાની મુર્તિઓ ખંડન કરી બહુ ધન લુંટી ગયો; તેણે પેહેલી સ્વારી ૧૦૦૧ માં કરી.

પ્ર૦ મહમુદે છેલ્લી સ્વારી કઇ સાલમાં ને કોના ઉપર કરી, ને તેમાં શું થયું?

ઉ૦ મહમુદે છેલ્લી સ્વારી ૧૦૨૪ માં ગુજરાત ઉપર કરી, તેથી ત્યાંનો રાજા ભીમ રાજ્યધાની છોડી નાશી ગયો; તેથી મહમુદ સોમનાથ ઉપર ગયો, ત્યારે તેની સામે રાજા ભીમ લશ્કર લઇ લડવા ગયો, લડાઇ થઇ તેમાં

ઉ૦ ભીમ હાર્યો પછી સોમનાથના દેવની મૂર્તિઓ ભાંગી નાંખી ને ધન લઈ ગયો.

પ્ર૦ મહમુદના વંશજો નબળા હોવાથી ગીજનીનું રાજ્ય કોના હાથમાં ગયું?

ઉ૦ ઈ. સ. ૧૧૮૬ માં મહમુદ ઘોરીએ ગીજની જીતી લીધું ને ગીજનીની ગાદીએ કોણ બેઠો.

પ્ર૦ શાહબુદ્દીન (મહમુદ ઘોરી) એ ભારતખંડ ઉપર ક્યારે સવારી કરી, ને તેની સામે કયો રાજા થયો?

ઉ૦ ૧૧૯૧ માં સુલતાન ઘોરીએ હિંદુસ્તાન ઉપર ચડાઈ કરી, ને તેની સામે પૃથુરાજ થયો.

પ્ર૦ થાણેશ્વર આગળ કોની કોની વચ્ચે લડાઈ થઈ, તેમાં શો પરિણામ થયો?

ઉ૦ ૧૧૯૩ માં મહમુદ ઘોરી અને પૃથુરાજ વચ્ચે થાણેશ્વર આગળ લડાઈ થઈ, તેમાં પૃથુરાજ હાર્યો.

પ્ર૦ કુતુબુદ્દીન કોણ હતો?

ઉ૦ શાહબુદ્દીન ઘોરીનો ગુલામ હતો. પૃથુરાજને હરાવીને સુલતાન ગઝની ગયો ત્યારે તે હિંદુસ્તાનનો સુબો થયો હતો.

પ્ર૦ શાહબુદ્દીન ઘોરી કઈ સાલમાં ગુજરી ગયા, ને કોણે મારી નાંખ્યા?

ઉ૦ ગક્ખર નામે પહાડી લોકે ૧૨૦૬ માં મારી નાખ્યો.

પ્ર૦ શાહબુદ્દીન પછી કોણ ગાદીએ બેઠો?

ઉ૦ કુતુબુદ્દીન ગાદીએ બેઠો, એ એનો ગુલામ હતો, તેથી તેના વંશને ગુલામ કહેવાય છે.

પ્રકરણ ૫ મું.

પ્ર૦ ગુલામવંશ કઈ સાલથી કઈ સાલ સુધી રહ્યો?

ઉ૦ ઈ૦ સ૦ ૧૨૦૬ થી ૧૨૯૦ સુધી.

પ્ર૦ ગુલામવંશના કેટલા સુલતાનો થયા અને તેમણે દરેકે ક્યારથી ક્યા સુધી ને કેટલાં વરસ રાજ્ય કર્યું?

ઉ૦ ગુલામવંશના ૧૧ સુલતાન થયા અને તેમણે દરેકે નીચે પ્રમાણે રાજ્ય કર્યું.

				વરસ રાજ્ય કર્યું
કુતુબુદ્દીન,	૧૨૦૬	થી	૧૨૧૦	૪

આરામ	૧૨૧૦	થી	૧૨૧૦	
અલ્તમસ	૧૨૧૦	થી	૧૨૩૫	૨૫
રૂકનુદ્દીન	૧૨૩૫	થી	૧૨૩૬	૧
રઝીઆબેગમ	૧૨૩૬	થી	૧૨૩૯	૩
બેહરામ	૧૨૩૯	થી	૧૨૪૧	૨
મસુદ	૧૨૪૧	થી	૧૨૪૬	૫
નાસિરૂદ્દીન	૧૨૪૬	થી	૧૨૬૫	૧૯
બલ્બન	૧૨૬૫	થી	૧૨૮૭	૨૨
કૈકુબાદ	૧૨૮૭	થી	૧૨૯૦	૩

પ્ર૦ બંગાળાનો બંડ કેઈ શાલમાં થયું?

ઉ૦ ઈ૦ સ૦ ૧૨૭૯

પ્ર૦ કૈકુબાદનો વજીર કોણ હતો અને તેણે રાજ્ય કેવી રીતે મેળવ્યું?

ઉ૦ કૈકુબાદનો વજીર જલાલુદ્દીન ખિલજી હતો તેણે પોતાના રાજાને મારી [illegible] પદ ધારણ કર્યું?

પ્ર૦ જલાલુદ્દીનના વંશજોને શું કહે છે અને ક્યારથી ક્યાં સુધી રાજ કર્યું?

ઉ૦ એના વંશજોને ખિલજી કહે છે અને તેમણે ઈ૦ સ૦ ૧૨૯૦ થી ૧૩૨૦ સુધી રાજ્ય કર્યું.

પ્ર૦ ખિલજી વંશના બાદશાહોના નામ તથા કેઈ શાલથી કયા સુધી કેટલા વરસ રાજ્ય કર્યું તેનો કોઠો બનાવો?

ઉ૦ વરસ રાજ્ય કર્યું.

જલાલુદ્દીન	૧૨૯૦	થી	૧૨૯૫	૫
ઈબ્રાહીમ	૧૨૯૫	થી	૧૨૯૫	૦
અલ્લાઉદ્દીન ખુની	૧૨૯૫	થી	૧૩૧૫	૨૦
ઉમર	૧૩૧૫	થી	૧૩૧૬	૧
મુબારક	૧૩૧૬	થી	૧૩૨૦	૪
ખુશરૂ	૧૩૨૦	થી	૧૩૨૦	૦

પ્ર૦ અલ્લાઉદ્દીન ખુની કોણ હતો અને તેણે યાદ રાખવા લાયક કામ શું કર્યું?

ઉ૦ અલ્લાઉદ્દીન જલાલુદ્દીનનો ભત્રીજો હતો અને તેને અયોધ્યા પ્રાંતની સુબેદારી સોંપી હતી તેણે દક્ષિણ ઉપર સ્વારી કરી પુષ્કળ દ્રવ્ય લેઈ

દિલ્હી આવ્યો, દિલ્હી આવ્યો ત્યારે તેનો કાકો જલાલુદ્દીન જેણે એને સગ્દાર બનાવ્યો હતો તે એને થોડા સ્વારે લેઇ મળવા ગયો કાકા ભત્રીજાની મુલાકાત થઇ એટલે એ દુષ્ટે પોતાના કાકાને મારી નંખાવ્યો ત્યાર પછી તેની બેગમ અને બે શાહાજાદાને મારી નંખાવ્યા અને પોતે ગાદીએ બેઠો.

પ્ર૦ અલ્લાઉદ્દીને જ્યારે ગુજરાત જીતવા ફોજ મોકલી ત્યારે ગુજરાતમાં રાજા કોણ હતો અને તેનું પરીણામ શું થયું?

ઉ૦ આ વખતે ગુજરાતમાં કરણ વાઘેલો રાજા હતો તેનાથી ગુજરાતનો બચાવ કરી શકાયો નહી, દેશની ખરાબી થઇ અને મુસલમાની રાજ્યની સ્થાપના થઇ.

પ્ર૦ અલાઉદ્દીનના વખતમાં મુગલો ચઢી આવ્યા, તેનો પરીણામ શો થયો?

ઉ૦ ૪૦ સ૦ ૧૨૯૮ માં મુગલો લુંટ કરતા આવ્યા અલ્લાઉદ્દીનના સેનાપતી જાફરખાંએ તેઓને હરાવ્યા.

પ્ર૦ જાફરખાંનને શો બદલો મળ્યો?

ઉ૦ તેના બદલામાં જાફરખાંને શત્રુને હાથે મરવા દીધો.

પ્ર૦ બીજા કયા જબરા મહારાજાઓને જીત્યા?

ઉ૦ રણસ્થંભોરના અને ચીતોડના.

પ્ર૦ કાફુર કોણ હતો?

ઉ૦ ખંભાત લુટ્યું ત્યારે ઘણાક માણસોને ઝાલી ગુલામ કર્યા હતા તેમાંનો એ એક હતો.

પ્ર૦ કાફુરે શું જીત્યું?

ઉ૦ તેલંગણમાં વરંગુલ, પછી કર્નાટક તથા મલબાર જીત્યાં.

પ્ર૦ અલ્લાઉદ્દીન કેઇ શાલમાં મરી ગયો અને તેની પછી ગાદીએ કોણ બેઠું?

ઉ૦ અલ્લાઉદ્દીનના પછી તેના ચોથા છોકરા ઉમ્મરને ગાદીએ બેસાડી તેના નામથી કાફુર રાજ્ય કરવા લાગ્યો.

પ્ર૦ કાફુરે શું દુષ્ટ કામ આરંભ્યું.

ઉ૦ તેણે મોટા બે શાહાજાદાઓની આંખ્યો ફોડી અને ત્રીજા મુબારકનો જીવ લેવા મારા મોકલ્યા તેઓએ ફરી જઇને કાફુરનો વધ કર્યો.

પ્ર૦ મુબારકે ખુબ ઘાતકી કામ શું કર્યું?

ઉ૦ મહારાષ્ટ્રના રાજા હરપાળને પકડી આણી તેની ચાંમડી ઉતરડી મારી નાંખ્યો.

પ્ર૦ ખુશરૂખાં કોણ હતો?

ઉ૦ એ જાતે ઢેડ હતો પણ રાજા મુબારકે પોતાનો વાહાલો ગણી વજીર બનાવ્યો હતો તેણે મુબારકને તથા ત્યાર પછી રાજ્ય વંશના તથા રાજ્ય કુળના સગપણના એક એક મરદને મારી નાંખી તખ્તનો દાવો કરનાર કોઈ રેહેવા દીધું નહી. અલ્લાઉદ્દીનના વડા દીકરાની વહુ દેવળદેવીને પોતે પરણ્યો તથા પાદશાહી જનાનાની વહુ તથા બીજી બેટીઓને પોતાના સગા વાહાલા ઢેડમાં હતા તેઓને દીધી.

પ્ર૦ ખુશરૂ કેઈ શાલમાં મરી ગયો અને કોણે માર્યો?

ઉ૦ પંજાબની ફોજ, સરદાર ગ્યાસુદ્દીન તઘલખના ઉપરીપણા નીચે એના સામે લઢી તેમાં માર્યો ગયો ઈ૦ સ૦ ૧૩૨૦.

પ્ર૦ ત્યાર પછી ગાદીએ કોણ બેઠું ને તે વંશને શું કહે છે?

ઉ૦ ત્યાર પછી ગ્યાસુદ્દીન ગાદીએ બેઠો ને તેના વંશને તઘલખવંશ કહે છે.

પ્ર૦ તઘલખવંશના પાદશાહોના નામ, કોણે કયારથી કયાં સુધી અને કેટલા વરસ રાજ્ય કર્યું તેનો કોઠો બનાવો?

ઉ૦

				વરસ રાજ્ય કર્યું.
ગ્યાસુદ્દીન તઘલખ	૧૩૨૦	થી	૧૩૨૫	૫
મહમદ તઘલખ	૧૩૨૫	થી	૧૩૫૧	૨૬
ફિરોજશાહ	૧૩૫૧	થી	૧૩૮૮	૩૭
ગ્યાસુદ્દીન બીજો	૧૩૮૮	થી	૧૩૮૯	૧
અબુબકર	૧૩૮૯	થી	૧૩૮૯	૦
નાશરૂદ્દીન	૧૩૮૯	થી	૧૩૯૨	૩
સિકન્દર	૧૩૯૨	થી	૧૩૯૨	૦
મહમુદશાહ	૧૩૯૨	થી	૧૪૧૪	૨૨

પ્ર૦ ગ્યાસુદ્દીન પછી તેની ગાદીએ કોણ બેઠું તથા તેણે શાં કૃત્ય કર્યાં?

ઉ૦ એનો છોકરો મહમ્મદ તઘલખ ગાદીએ બેઠો તે ભણેલો, બુદ્ધિમાન, સુરવીર, પણ ગાંડાઈના કામ કરે, તેવો હતો. દેવગઢ રાજ્યધાની કરવાના ઇરાદાથી દિલ્હિની વસ્તીને ત્યાં જઈ રેહેવાને ઘણા ગાંડા આગ્રે

કુમાયાવ્યું તેથી બંગાળા માહેલ ઈલાકામાં રખડી ગયા. ઈરાન અને ચીન ઉપર ચડાઈ કરવાને મોટાં લશકર મોકલ્યા પણ તેમાં ઘણું નુકશાન થઈ કામ કાંઈ થયું નહીં. ત્રાંબાના નાણું ચલાવવાની કોશીશ કરી તેમાં પણ લોકની અગવડ થઈ, અંતે સિંધ ઉપર સ્વારી કરી તેમાં એ માર્યો ગયો.

પ્ર૦ મહુમ્મદ પછી કોણ ગાદીએ આવ્યું?

ઉ૦ એના પછી એનો ભત્રીજો ફીરોજશા ગાદીએ બેઠો લડાઈ ચલાવવામાં બુદ્ધીમાન હતો. તે ભોળો તથા દયાળુ હતો. તેણે લોકોપયોગી ધર્મશાળા, મદ્રેશા, મસજીદ, કુવા, વાવ, તળાવ, બંધ, ગામોમાં પાણી પોહોંચે તેવી નહેરોને જગતમાં બાગીચા વિગેરે કામ કર્યાં છે

પ્ર૦ તઘલખ વંશમાં છઠો રાજા કોણ થયો અને તેના રાજ્યમાં અનુક્રમે તેમાં શા શા બનાવો બન્યા?

ઉ૦ છઠો રાજા મહુમદશાહ થયો તેના વખતમાં ઈ૦ સ૦ ૧૩૯૮ માં તૈમુર નામે લંગડો બાદશાહ મુગલ તથા તુર્ક લોક લઈ હિંદમાં આવ્યો ખાટલો તથા હજારોના ખુન કરતો આવ્યો, તેની આગળ મહુમદ દિલ્હીની ફોજ હારી. મહમુદશાહ ગુજરાત તરફ નાઠો ને તૈમુર દિલ્હીમાં પેઠો; ત્યાં પંદર દહાડા લગી શહેરમાં કતલ ને લુંટ ચાલી.

પ્ર૦ ત્યાર પછી દિલ્હીમાં કોણે રાજ્ય કર્યું?

ઉ૦ નસરતખાને તેની પાસેથી ઈકબાલખાને અને તેની પાસેથી મહમુદે પાછા આવી; ઈ. સ. ૧૪૧૨ સુધી રાજ્ય ચલાવ્યું

પ્ર૦ સૈયદ ખીજરખાં કોણ હતા અને તેણે શું પરાક્રમ કર્યું?

ઉ૦ સૈયદ ખીજરખાંનને તૈમુરે મુલતાનનો સુબેદાર ઠેરવ્યો હતો, તેણે દિલ્હી છીની લીધું અને સૈયદ વંશની સ્થાપના કરી.

પ્ર૦ સૈયદ વંશના પાદશાહોનાં નામ કેટલાં વર્ષ ને ક્યા સુધી રાજ્ય કર્યું?

રાજાનાં નામ.				વરસ રાજ્ય કર્યું.
સૈયદ ખીજરખાં	૧૪૧૪	થી	૧૪૨૧	૭
સૈયદ મુબારક.	૧૪૨૧	થી	૧૪૩૩	૧૨
સૈયદ મહુમદ.	૧૪૩૩	થી	૧૪૪૩	૧૦
સૈયદ આલમ	૧૪૪૩	થી	૧૪૫૦	૭

પ્ર૦ સૈયદ વંશ પછી કયો વંશ થયો?

ઉ૦ લોદી વંશ થયો.

પ્ર૦ લોદી વંશના પાદશાહનાં સાલવાર નામ લખો?

ઉ૦ રાજાનાં નામ	ક્યાંથી	ક્યાં સુધી	કેટલા વરસ
બહલોલ લોદી	૧૪૫૦	૧૪૮૮	૩૮
સિકંદર લોદી	૧૪૮૮	૧૫૧૭	૨૯
ઇબ્રાહિમ લોદી	૧૫૧૭	૧૫૨૬	૯

પ્ર૦ લોદી વંશના છેલ્લા રાજાના વખતમાં શા બનાવ બન્યા?

ઉ૦ એ સુલતાન ગર્વિષ્ઠ હતો; તેથી સરદારો નારાજી થયા, તેના ભાઇએ જવાનપુરમાં બળવો કર્યો તેથી તેને પકડી ઠેર માર્યો, ને બીજા ઘણા આગુવાનોને માર્યા. સખ્તાઇ ઘણી કરવાથી તેનાં પરીણામ માઠાં થયાં દોલત લોદી પંજાબનો અધિકારી હતો, તેણે કાબુલના સુલતાન બાબરને બોલાવ્યો.

પ્ર૦ પાણીપતનું યુદ્ધ કોનો વચ્ચે થયું, કેઇ સાલમાં ને શો પરીણામ થયો?

ઉ૦ બાબર ને ઇબ્રાહિમની વચ્ચે ઇ. સ. ૧૫૨૬ માં, તેમાં ઇબ્રાહિમ હાર્યો

પ્રકરણ ૬ ઠું.

પ્ર૦ દિલ્હીની બાદશાહી તુટવાથી કયા કયા વિભાગો થયા?

ઉ૦ બંગાળા, જવાનપુર, માળવા, મેવાડ, ગુજરાત, ખાંનદેશ, દક્ષિણમાં બ્રાહ્મણી રાજ્ય, વિજયનગર, વરાડ, બીજાપુર, અહમદનગર, ગોલકોન્ડા.

પ્ર૦ કાશ્મીરમાં ગોનાર્દ વિગરે કુળના રાજ્ય ક્યાંથી ક્યાં સુધી રહ્યાં?

ઉ૦ ઇ. સ. પુર્વે ૩૭૧૪ થી ઇ. સ. ૧૨૯૪ સુધી.

પ્ર૦ ઇ. સ. ૧૩૧૫ માં કાશ્મીરમાં કોણ રાજા હતો, અને તેનો પ્રધાન કોણ અને અંતે શો પરીણામ થયો?

ઉ૦ તે વખતે સેનદેવ રાજા હતો; તેના વખતમાં શાહમીર નામે મુસલમાન ચડતાં ચડતાં પ્રધાન પદને પામ્યો; આગળ આણંદદેવ રાજાએ તેને કાઢી મુકયો, તેણે બંડ ઉઠાવ્યું, તેના સંતાપથી રાજા મરણ પામ્યો; અને મીર ગાદીએ બેઠો,

પ્ર૦ બંગાળી પાદશાહીનો અંત કોણે આણ્યો?

ઉ૦ અકબરે.

પ્ર૦ જવાનપુરમાં કોણે ક્યારથી ક્યાં સુધી સ્વતંત્ર રાજ્ય કર્યું તેમને કોણે જીત્યા

ઉ૦ શર્કી વંશજોએ ઈ. સ.૧૩૯૩ થી ૧૪૭૪ સુધી સ્વતંત્ર રાજ્ય કર્યું. તેમને બહલોલ લોદીએ જીત્યા.

પ્ર૦ માળવાનું રાજ્ય કોણે જીત્યું?

ઉ૦ ગુજરાતના બહાદુરશાહે.

પ્ર૦ સુબેદાર જફરખાંએ ગુજરાતની બાદશાહી સ્થાપી હતી તેનો અંત કોણે આણ્યો?

ઉ૦ અકબરે.

પ્ર૦ અકબરના વખતમાં બીજા કીયા કીયા મુલક જીતાયા?

ઉ૦ સિંધ અને ખાનદેશ.

પ્ર૦ ભરતખંડનો વેપાર યુરોપ સાથે શી રીતે ચાલ્યો?

ઉ૦ ભરતખંડના આથમણા કાંઠાના બંદરોમાં લાલ સમુદ્રથી મુસલમાન વેપારીઓનાં વહાણ માલ વેચાતો લેવા આવતાં, ને ઘણોક માલ ઈરાન ની વાટે પણ જતો. ભરતખંડનો એમ ગએલો માલ શિરીયા અને મિસરના બંદરોમાંથી યુરોપના વેપારીઓ વહોરતા. તેમને ભરતખંડના વેપારથી મોટો નફો થતો તેથી તેઓ પંડે માલ ખરીદ કરવાને સને ૧૪૯૮ માં કેપઑફ ગુડ હોપનો રસ્તો માલમ પડયા પછે આવવા લાગ્યા અને તેથી યુરોપનો વેપાર ભરતખંડ સાથે જોડાયો.

પ્ર૦ યુરોપની જે જે પ્રજા ભરતખંડમાં આવી હોય તેઓના સાલવાર નામ લખો?

ઉ૦ પોર્તુગીજ ઈ૦ સ૦ ના પંદરમા સૈકામાં, વલંદા ઈ૦ સ૦ ના સોળમા સૈકામાં, ઈંગ્રેજો સોળમા સૈકામાં, ફ્રેંચ લોકો સત્તરમા સૈકામાં.

પ્ર૦ પોર્તુગીજના કીયા બે સરદાર કેઈ કેઈ સાલમાં આવ્યા?

ઉ૦ વાસકોડી ગામા ઈ૦ સ૦ ૧૪૯૮ માં આલ્બુકર્ક ઈ૦ સ૦ ૧૫૦૮ માં આવ્યો.

પ્ર૦ પોર્તુગીજ લોકોની ભરતખંડમાં કેઈ કેઈ જગાઓ છે?

ઉ૦ દીવ, દમણ અને ગોવા.

પ્ર૦ ઈંગ્રેજ ઈસ્ટ ઈંડીઆ કંપનીએ પ્રથમ ક્યાં કોઠી નાખી?

ઉ૦ સુરતમાં.

પ્રકરણ ૭ મું.

પ્ર૦ મુગલ વંશનો પેહેલો પાદશાહ કોણ અને તે હિંદુસ્તાનમાં શી રીતે આવ્યો?

ઉ૦ બાબર, તેને બળવાખોર દોલતખાં દિલ્હિનું રાજ જીતવા તેડી લાવ્યો.

પ્ર૦ બાબર મુગલ વંશી કેમ કેહેવાયો?

ઉ૦ એ મુગલવંશી નહોતો તથાપી તુર્ક અને પઠાણ પાદશાહો ઉપર મુગલોની માફક બાબર ચડી આવ્યો તેથી તે લોકોએ એને મુગલ કહ્યો અને એ નામ તેણે અને તેના વંશજોએ કબુલ રાખ્યું.

પ્ર૦ બાબર દિલ્હિ પતિ થયો ત્યારે દિલ્હિની પાદશાહી તથા બહારના ભાગો કોને તાબે હતા?

ઉ૦ બંગાળા સૈયદ નજીબશાહને તાબે હતો. મમદશાહ લોહાનીં બાહારનો સુલતાન હતો. મેવાડ, માળવાનો કેટલોક ભાગ તથા બીજો કેટલોક મુલક મહારાણા સંગને હાથ હતો. ચંદેરી અને આજુ બાજુ મેદનીરાયને હસ્તક હતું. ગુજરાતનો પાદશાહ બાહાદુરશાહ હતો; દક્ષિણ દેશ પાંચ મુસલમાની રાજ્ય અને છઠું વિજયનગરનું રાજ્ય એ રીતે વહેચાયેલો હતો; ગોવામાં પોર્તુગીજ રાજ્ય હતું.

પ્ર૦ બાબર અને રજપુત રાજાઓ સાથે કયાં કયાં યુદ્ધ થયું અને પરીણામ શો થયો?

ઉ૦ ઇ૦ સ૦ ૧૫૨૭ માં સીકરીની લડાઇ બાબર અને સંગ વચ્ચે થઇ તેમાં સંગ મરાયો, ઇ૦ સ૦ ૧૫૨૮ માં ચંદેરીને ઘેરો ઘાલ્યો તેમાં ચંદેરીનો મેદનીરાય મરાયો.

પ્ર૦ બાબર કેઇ સાલમાં મરી ગયો અને તેના પછી ગાદીએ કોણ બેઠું?

ઉ૦ ઇ૦ સ૦ ૧૫૩૦ માં મરી ગયો અને તેના પછી તેનો છોકરો હુમાયુ ગાદીએ બેઠો.

પ્ર૦ હુમાયુના વખતમાં કયા સરદારે કયાં હુમલો કર્યો?

ઉ૦ શેરખાંએ બંગાળા અને બહારમાં.

પ્ર૦ શેરખાં અને હુમાયુ વચ્ચે કયાં કયાં લડાઇઓ થઇ અને તેનું પરી–

પરીણામ શું થયું?

ઉ૦ ઈ૦ સ૦ ૧૫૪૦ માં કનોજ આગળ હુમાયુ અને શેરખાં વચ્ચે તેમાં હુમાયુ હાર્યો.

પ્ર૦ કનોજની લડાઇમાં હાર્યા પછી કયાં ગયો અને કોણે આશરો આપ્યો?

ઉ૦ સિંધમાં અને મારવાડમાં થઇ અમરકોટ ગયો ત્યાંના રાજાએ સાહાય કરી ત્યાંથી ઈરાન ગયો ત્યાંના પાદશાહે ૧૪૦૦૦ ઘોડેસ્વાર આપ્યા તે લેઇ કાબુલ, કંદહાર આવ્યો ત્યાર બાદ કેટલેક વર્ષે એટલે ઈ૦ સ૦ ૧૫૫૬ માં દિલ્હિપતી થયો અને તેજ વરસમાં એનો કાળ થયો. તેના છેલાં વરસો એટલે કનોજની લડાઇ પછીનાં ભટકવામાં ગયાં.

પ્રકરણ ૮ મું.

પ્ર૦ કનોજની લડાઇ પછી કયો વંશ અધવચ્ચ થયો, તેઓ શું કહેવાય છે અને તેઓમાંના દરેકે કયાંથી કયાં સુધી રાજ્ય કર્યું?

ઉ૦ કનોજની હુમાયુની હાર પછી શેરશાહ અધિપતિ થયો તેઓ સુર કેહેવાય છે તેઓએ નીચે પ્રમાણે રાજ્ય કરવું.

		વરસ રાજ્ય કરયું.
સેરશાહસુર	૧૫૪૦ થી ૧૫૪૫	૫
સલીમશાહ (ઇસ્લામશાહ)	૧૫૪૫ થી ૧૫૫૩	૮
અદિલશાહ (અદાલ્ત)	૧૫૫૩ થી ૧૫૫૬	૩

પ્ર૦ પાણીપતની બીજી લડાઇ કોની વચ્ચે થઇ અને પરીણામ શો થયો?

ઉ૦ અદિલશાહના સરદાર હેમુ અને હુમાયુના સરદાર બેહેરામ વચ્ચે થઇ તેમાં હેમુ હારયો, અદિલશાહ બંગાળા તરફ ગએલો તે વખતે તેના પિત્રાઇ સિકંદરે દિલ્હિનો કબજો કરેલો તેને આ વખતે નાશી જવું પડ્યું અને મુગલ રાજ્યની પુનઃ સ્થાપના થઇ.

પ્રકરણ ૯ મું.

પ્ર૦ મુગલવંશના પ્રતાપી ૭ રાજાઓનાં નામ તથા તેઓએ રાજ્ય કરેલાં વર્ષો ક્યારથી કયાં સુધી તે બતાવો?

ઉ૦		વરસ રાજ્ય કર્યું.
બાબર	૧૫૨૬ થી ૧૫૩૦	૪
હુમાયુ	૧૫૩૦ થી ૧૫૫૬	૨૬
અકબર (જલાલુદ્દીન)	૧૫૫૬ થી ૧૬૦૫	૪૯
જહાંગીર (સલીમ)	૧૬૦૫ થી ૧૬૨૭	૨૨
શાહજહાં	૧૬૨૭ થી ૧૬૫૮	૩૧
આલમગીર (ઔરંગજેબ)	૧૬૫૮ થી ૧૭૦૭	૪૯

પ્ર૦ હુમાયુંના દીકરાનું નામ શું અને તે કેવો રાજા હતો?

ઉ૦ હુમાયુંના દીકરાનું નામ અકબર હતું ને તે બધા મુસલમાન પાદશાહમાં ઉત્તમ હતો; એના જેવા સારા રાજા બીજા થોડાજ થઇ ગયા છે; તેનામાં અસાધારણ અકલ અને ડહાપણ હતું; તે વીદ્વાન, અતિ શુરો, રણમાં ચતુર, અને ઉદાર દિલનો, હતો, અને તે મનને વશ રાખનાર હતો.

પ્ર૦ અકબરની વય નાની હોવાથી તેનો રાજકારભાર કોણ કરતું?

ઉ૦ તેનો નિમકહલાલ અને બુદ્ધિવાન વજીર બહેરામખાં કરતો હતો.

પ્ર૦ પાણીપતની લડાઇ બીજી કોની કોની વચ્ચે થઇ ને તેનો શો પરીણામ થયો?

ઉ૦ ઇ. સ. ૧૫૫૬ માં બહેરામખાં અને બંગાળાના નામના પાદશાહ અદિલશાહના વજીર હેમુ વચ્ચે થઇ તેમાં હેમુ હાર્યો.

પ્ર૦ અકબરને પોતાના વજીર બહેરામખાંને ખસેડવાની કેમ ફરજ પડી ને તેને શી રીત ખસેડયો?

ઉ૦ પાણીપતની લડાઇ થયા પછી બહેરામ અતિ ગર્વીષ્ટ અને સખત થયો હતો, તેથી તેના ઉપર મોગલ ઉમરાવો કંટાળ્યા હતા તેથી અકબરે આગ્રેથી દિલ્લી જઇ પોતાનો રાજકારભાર પોતાના હાથમાં લીધો ને ઢંઢેરો ફેરવ્યો કે બીજા કોઇનો હુકમ માનવો નહીં.

પ્ર૦ બહેરામને ખસેડવાથી શો પરીણામ થયો?

ઉ૦ બહેરામે બળવો કર્યો પણ તેમાં તે પાર પડયો નહીં અંતે તેને પાદશાહને શરણે આવવું પડયું; આગલી સારી સેવા ઉપર નજર રાખી અકબરે તેનો ગુન્હો માફ કર્યો.

પ્ર૦ રાજ્યકારભાર પોતાને હાથ આવ્યા પછી અકબરનું લક્ષ કેઇ ચાર બાબતો તરફ દોડયું?

ઉ૦ (૧)પોતાની ફોજના મુસલમાન સરદારોને વશ કરવામાં, (૨)હિંદુ રાજાને તાબે કરવામાં, (૩)પ્રાંતના સ્વતંત્ર થઇ ગયેલા હાકેમોને જીતવામાં (૪)ઘણા વર્ષના ઝઘડાથી અને રાજ્યમાં થયેલી ઉથલપાથલથી જે ગેરબંદોબસ્ત થયો હતો, તે મટાડીને કાયદેસર કામ ચાલતું કરવામાં.

પ્ર૦ બાદશાહી કુળને દીકરીઓ આપવાની વડાઇ કયારથી જણાઇ?

ઉ૦ જોધપુરના રાજા માલદેવે પોતાની કુંવરી જોધબા અકબર વેરે પરણાવી.

પ્ર૦ એ રાણીને પુત્ર થયો હતો?

ઉ૦ એ રાણીને સલીમ નામે પુત્ર હતો.

પ્ર૦ અકબરે કોની પાસેથી ગુજરાત લીધું ને કેઇ સાલમાં?

ઉ૦ ત્યાંના રાજા ત્રીજા મુજફ્ફરશાહ પાસેથી ૧૫૭૩માં ગુજરાત પ્રાંત લીધો.

પ્ર૦ ત્યાર પછી તેણે કયા દેશો લીધા?

ઉ૦ બાહાર, બંગાળા, સિંધ, કાશ્મીર અને ઓઢીઆ.

પ્ર૦ કંદહાર કઇ સાલમાં જીત્યું?

ઉ૦ ૧૫૯૪ માં.

પ્ર૦ અકબર કઇ સાલમાં ગુજરી ગયો?

ઉ૦ ૧૬૦૫ માં

પ્ર૦ અકબરની પોતાની રીતભાત વિશે શું જાણોછો?

ઉ૦ એશિયામાં જે મોટા રાજા થયાછે. તેમાં સૌથી સરસ અકબર ગણાય છે. તે મળતાવડો અને મીઠો હતો ખાવા પીવાને મોજ મજામાં ન પડતાં તંનદુરસ્તી રહે એમ વરતતો બુદ્ધિ ચોખી રાખવાને વરસના કેટલાક ભાગમાં માંસહાર નહીં કરતો ને શરીરનું બળ સાચવવાને બાકીના દીવસોમાં માંસ ભક્ષણ કરતો. તેને ઉંઘ થોડી હતી, તેને શીકાર અને કસરત બહુ ગમતાં વખતે ઘોડો દોડાવતો. ઘણા કોસ જતો ને ઘણી વાર એક દીવસમાં ૧૫-૨૦ ગાઉ ચાલતો.

પ્ર૦ રાજ્ય કારભારમાં અકબરની વર્તણુક વિશે હેવાલ આપો?

ઉ૦ અકબરે સરકારી કામ કરવાના નીયમ ઠરાવ્યા હતા. તે પ્રમાણે નીમેલા વખતે ખુબ લક્ષ દેઇ કામ બજાવતો પંડે હિંદી, સંસ્કૃત અને ફાર-

શી ભાષાઓ શીખ્યો હતો. વિદ્યા, કવિતા, અને ઇતિહાસ વિગરે પુસ્તકો વાંચતો તથા હરેક વિદ્યાને ઉતેજન આપતો ધર્મ સબંધી ખોળ કરવાનો તેને શોખ હતો તેની હજુરમાં ભણેલા બ્રાહ્મણો, મુલ્લાં, ગોરજી અને પાદરી વગેરે ધર્માચાર્ય હતા. તે પરમેશ્વર એકલાને માનતો. હિંદુ મુસલમાનમાં ભેદ તથા વેરા કાઢી નાંખી જુલમ રદ કર્યાં, તેણે ખેતરો મપાવ્યાં ને વિઘોટી ઠરાવી. નાક કાન કાપવાની જંગલી સજા રદ કરી, ગુલામ કરવાનો રીવાજ કાઢી નાંખ્યો. સતી થવાનો ચાલ બંધ કર્યો, તેણે રાજ્યના ૧૮ પ્રાંત અથવા સુબા ઠરાવ્યા. દરેક પ્રાંતના અથવા સુબાના ઉપરીને સુબેદાર કહેતા.

પ્ર૦ અકબરના મરણ પછી કોણ ગાદીએ બેઠું ને કયારે?

ઉ૦ ૧૬૦૫ માં તેનો પુત્ર સલીમ અથવા જહાંગીર.

પ્ર૦ નુરજહાં કોણ હતી અને તેને સલીમ શી રીતે પરણ્યો?

ઉ૦ કોઇ ગરીબ દશાની ઉમરાવતી જુવાન અને રૂપાળી બેટી હતી તે તેના રૂપથી મોહીત થઇ, જહાંગીરે તેને પરણવાને ઇચ્છું. પણ અકબરે તેને કોઇ ઉમરાવને પરણાવી. પછી જ્યારે સલીમ ગાદીએ બેઠો ત્યારે તે અમીરને મારીને પોતે પરણ્યો. અને તેનું નામ નુરજહાં પાડયું.

પ્ર૦ આ પાદશાહ સાથે વેપાર વિશે કરાર કરવાને કોણ વિલાયતથી આવ્યું હતું?

ઉ૦ ઇંગ્લાંડના પાદશાહે ૧૬૧૫ માં સરટામસરો નામે વકીલને મોકલ્યો હતો.

પ્ર૦ સલીમના રાજ્યમાં કોણે બળવા કીધા હતા?

ઉ૦ તેના દીકરા સાંહાંજાએ તથા તેના સરદાર મોહોબતખાંએ.

પ્ર૦ સલીમ કઇ સાલમાં મરી ગયો, ને તેની પછી કોણ ગાદીએ બેઠો?

ઉ૦ તે ૧૬૨૭ માં મરી ગયો ને તેની પછી તેનો દીકરો શાહજાંહ ગાદીએ બેઠો.

પ્ર૦ શાહજાંહ ગાદીએ બેસતાંજ શાં ક્રુર કામ કર્યાં?

ઉ૦ તેણે પોતાના દુધ ભાઇ શેહેરીઆરને મારી નાંખ્યો તથા પોતાના કુંવરો શિવાય બાબરની વંશના બધા શાહજાદાને મારી નાંખ્યા.

પ્ર૦ શાહજાંહને કેટલા કુંવર હતા ને કેવા હતા?

ઉ૦ દારા, શુજા, ઔરંગજેબ ને મુરાદ એ નામના ચાર કુંવરો હતા તેમાં દારા શુરો, ભોળો ને ઉદાર પણ અવિચારી હતો. શુજા બાયલો અને વિ- ષયી હતો. ઔરંગજેબ બુદ્ધિવાન, રૂપાળો ને યુદ્ધમાં ચતુર હતો પણ અંત લોભી દગલબાજ ને ધર્માંધ હતો. મુરાદ બહાદુર પણ કમ અક- લનો અને વિષયી હતો.

પ્ર૦ ઔરંગજેબે મુરાદને દારા સાથે લડવામાં શી રીતે મદદમાં લીધો?

ઉ૦ એણે મુરાદને એવું સમજાવ્યું કે મારે તો મક્કે જઈ ભજન કરવામાં બાકીનું ગુજારવું છે. પરંતુ પ્રથમ તારી કુમકે આવી નાસ્તિક દારાને અને તેના કાફર સેનાપતિ જસવંતસિંહને જીતીને તને ગાદી અપાવ- વી છે. આ વાત મુરાદ ખરી માનીને તેની મદદે ગયો.

પ્ર૦ દારાએ બંનેની સામા લડવાને કોને મોકલ્યા, લડાઈ ક્યાં થઈ ને તે- માં શું થયું?

ઉ૦ તેણે પોતાના સરદાર જસવંતસિંહને મોકલ્યો હતો અને ઉજન આ- ગળ લડાઈ થઈ તેમાં જસવંતસિંહ હાર્યો (૧૬૫૭) માં.

પ્ર૦ આગ્રા અને કાશી આગળ કોનાં કોનાં યુદ્ધ થયાં?

ઉ૦ ૧૬૫૭ માં કાશી આગળ દારાએ સુજાને હરાવ્યો. અને દારાને ઔ રંગજેબે હરાવ્યો.

પ્ર૦ ઔરંગજેબે શી રીતે દિલ્હિ જઈ પોતાની દુવાઈ ફેરવી?

ઉ૦ ઔરંગજેબે પોતાના ભાઈ મુરાદને અને પોતાના બાપ શાહજાંહને કેદ કરી ૧૬૫૮ માં દિલ્હિ જઈ પોતાની દુવાઈ ફેરવી.

પ્ર૦ શાહજાંહ કઈ સાલમાં મરી ગયો?

ઉ૦ ૧૬૬૮ માં મરી ગયો.

પ્ર૦ શાહજાંહે ક્યાં પ્રખ્યાત કામ કરાવ્યાં?

ઉ૦ મોરાસન અને તાજ મેહેલ એ બે બંધાવ્યાં છે.

પ્ર૦ ઔરંગજેબે ગાદીએ બેસતાં શી કુરના કરી?

ઉ૦ પોતાના ભાઈ ભત્રીજાઓનો સંહાર કરીને તેમનાં કુટુંબને કેદ કર્યાં.

પ્ર૦ કનવાની લડાઈ કોની કોની વચ્ચે ને કઈ સાલમાં ને તેનું પરીણામ શું થયું?

ઉ૦ ૧૬૫૯ માં સુજા અને ઔરંગજેબ વચ્ચે થઈ તેમાં સુજા હાર્યો.

પ્ર૦ ઔરંગઝેબના રાજ્યમાં તેની હિંદુ પ્રજા શા કારણથી નારાજી થઈ?
ઉ૦ આ પાદશાહે હિંદુઓને બળાત્કારે વટલાવવાનો પ્રયત્ન કર્યો; મુર્તિ પુજકોનો ઓરછત્ર, ધર્મ સબંધી વરઘોડા ને બીજાં ડોળ દમામ અટકાવ્યાં હિંદુઓની જાત્રામાં વેચવાના માલ ઉપર વેરો નાંખ્યો, હિંદુઓ પાસેથી મુસલમાન કરતાં બમણા કર લેવા માંડયા ને તેમને સરકારી નોકરીમાંથી બાતલ કીધા. તેણે બધા હિંદુઓ ઉપર જજીઆ વેરો નાંખ્યો.

પ્ર૦ ઔરંગઝેબ કેટલા વરસની ઉમરે ને કેઈ સાલમાં મરણ પામ્યો?
ઉ૦ ઇ૦ સ૦ ૧૭૦૭ માં ૮૯ વરસની ઉમરે અહમદનગરમાં મરણ પામ્યો.

પ્ર૦ અકબર અને ઔરંગઝેબની ચાલ ચલગત સરખાવો?
ઉ૦ બુદ્ધિ, દ્રઢતા અને ઉદ્યોગમાં એ બે સરખા હતા બીજી બધી વાતે તેઓ ઉલટા હતા. અકબર મોટા મનનો ને ઉદાર, ઔરંગઝેબ સાંકડા મનનો ને કપટી, અકબર સમદ્રષ્ટી રાખતો ઔરંગઝેબ પક્ષપાતી ને પાપી હતો અકબર જીતેલા શત્રુ ઉપર દયા કરી તેને દોસ્ત કરી લેતો. ઔરંગઝેબ તેના ઉપર ક્રૂરતા કરી વેર વધારતો. અકબર સત્યને સારી યુક્તિથી કામ કરી લેતો, ઔરંગઝેબ કપટ અને કાવતરાથી પોતાનો હેતુ પાર પડતો.

પ્ર૦ મુસલમાની મોટા ગ્રંથોનાં ને તેમના બનાવનાર સાથે નામ લખો?
ઉ૦ ગીજનીના સુલતાન મહમુદના દરબારના મોટા ડાહ્યા ફરદુશીએ શાહનામુ એવી ચોપડી લખી. અહમદનગરના પાદશાહના દરબારમાં ફિરિસતાહ નામે મોટો ઇતિહાસ કરતા હતો તેણે તારીખ ફિરિશતાહ ઇતિહાસ બનાવ્યો છે. તેમાં ઇ૦ સ૦ ૯૭૫ થી તે ઇ૦ સ૦ ૧૬૦૫ સુધી હકીકતછે. બાબરે સ્વજીવન ચરીત્ર પોતાની તુરકી ભાષામાં લખી ફારશીમાં તેનો તરજુમો કર્યો છે. અકબરના મુખ્ય વજીર અબુલફાજલે એન. ઇ. અકબરી નામે ઇતિહાસ તથા અકબરનામુ અને જીવન ચરીત્ર લખ્યાં તેના ભાઇ ફૈજીએ સંસ્કૃત ભણી મહા ભારત વિગરે સંસ્કૃત પુસ્તકોનો ફારસી ભાષામાં તરજુમો કર્યો આલમગીરનો ઇતિહાસ કાફીખાંએ લખ્યો મિરાતે અહમદી નામે ગુજરાતી ઇતિહાસ ફારશીમાં લખ્યો.

પ્રકરણ ૧૦ મું.

પ્ર૦ ઔરંગઝેબને કેટલા દીકરા હતા ને તેના નામ શા?
ઉ૦ મોઆઝ્ઝમ, આઝીમ અને કામબક્ષ એ ત્રણ છોકરા હતા.
પ્ર૦ ઔરંગઝેબે મરતી વખતે કોને રાજ્ય આપવાનો હુકમ કર્યો હતો?
ઉ૦ તેના ત્રણ છોકરાઓ વચ્ચે રાજ્ય વેંહચી આપવાનો હુકમ કર્યો હતો.
પ્ર૦ તેનો આ હુકમ કેમ ન મનાયો?
ઉ૦ તેના ત્રણ છોકરા એ રાજ્ય વહેંચી લેતાં માંહો માંહે લડયા તેમાં આઝમ અને કામબક્ષ માર્યા ગયા.
પ્ર૦ ઔરંગઝેબ પછી ગાદીએ કોણ આવ્યું?
ઉ૦ તેનો દીકરો મોઆઝ્ઝમ બાહાદુરશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો.
પ્ર૦ ઔરંગઝેબ પછી થએલા સાત પાદશાઓના સાલવાર નામ લખો?
ઉ૦ બાહાદુરશાહ (શાહ આલમ) ૧૭૦૭ થી ૧૭૧૨; ૫ વરસ સુધી, જાહાંદારશાહ ૧૭૧૨ થી ૧૭૧૩; ૧ વરસ સુધી ત્યાર પછી ત્રણ નામના પાદશાહ થઇ ગયા. પણ તે લખવાની જરૂર નથી (૩) ફરૂકશીયર ૧૭૧૩ થી ૧૭૧૯; ૬ વરસ સુધી (૪) મહમદશાહ ૧૭૧૯ થી ૧૭૪૮; ૨૯ વરસ સુધી (૫) અહમદશાહ ૧૭૪૮ થી ૧૭૫૪; ૬ વરસ સુધી.
પ્ર૦ આ બહાદુરશાહ પછી ગાદીએ કોણ આવ્યું ને તે કોની મદદથી?
ઉ૦ ઝુલફીકારખાં નામે સરદારની મદદથી એનો વડો દીકરો જાંહાંદારશાહ ગાદીએ બેઠો.
પ્ર૦ આગ્રાની બીજી લડાઇ કોની કોની વચ્ચે થઇ ને કઇ સાલમાં?
ઉ૦ ૧૭૧૩ માં જાંહાંદારશાહ અને તેના ભત્રીજા ફરૂકશીયરની વચ્ચે થઇ તેમાં જાંહાંદારશાહ હાર્યો.
પ્ર૦ ફરૂકશીયર આ લડાઇ કોની મદદથી જીત્યો?
ઉ૦ બાહારના સુબેદાર સૈયદ હુસેનઅલી અને અલાહાબાદના સુબેદાર સૈયદ અબદુલાની મદદથી.
પ્ર૦ જાંહાંદારશાહની પછી કોણ ગાદીએ બેઠો?
ઉ૦ તેનો ભત્રીજો ફરૂકશીયર ૧૭૧૩ માં બેઠો.

પ્ર૦ ફરૂકશીયરના રાજ્યનો બધો રાજ્યકારભાર કોના હાથમાં હતો?

ઉ૦ તેના પેલા બે મદદ ગારો સૈયદહુસેન અને સૈયદ અબદુલાના હાથમાં હતો.

પ્ર૦ આ પાદશાહને જોધપુરના પાદશાહ જોડે લડાઇ ચાલતી હતી, તે કેમ માંડી વાળવામાં આવી?

ઉ૦ જોધપુરના રાજાની કુંવરીને તે પરણે એવી સરતથી માંડી વાળવામાં આવી.

પ્ર૦ ડોકટર હેમીલ્ટન વિષે તમે શું જાણો છો?

ઉ૦ કલકતેથી ઇંગ્રેજી વકીલો પાદશાહને અરજ ગુજારવાને આવ્યા હતા તે વકીલોની સાથે હેમિલ્ટન નામે ડોકટર હતો હવે પાદશાહ જોધપુરના રાજાની કુંવરી પરણવાનો હતો તેવામાં તે માંદો પડયો, તેથી લગનમાં ઢીલ થઇ. ડોકટર હેમિલ્ટને ઓસડ આપી, તેને સાજો કર્યો. ને તરત લગન થયાં. ડોકટરને ઇનામ માગવાનું કહ્યું, ત્યારે તેણે ઇસ્ટ ઇંડિઆ કંપનીને માટે બંગાળાના ૩૭ તાલુકાની જમીનદારી માગી લીધી, અને તેમના માલ ઉપર હાંસલની માફી માગી લીધી.

પ્ર૦ ફરૂકશીયરનું મોત શી રીતે થયું?

ઉ૦ સૈયદહુસેન અલીએ મારી નાંખ્યો.

પ્ર૦ શાહજહાંના મોરાસન ઉપર છેલું બેસનાર અને છેલું કોહીનુર પેહેરનાર કોણ હતું?

ઉ૦ મહમુદશાહ.

પ્ર૦ શહાપુરની લડાઇ કોની કોની વચ્ચે થઇ અને કયારે થઇ?

ઉ૦ ૧૭૨૦ માં સૈયદ અબદુલ્લાની અને નિજામની વચ્ચે થઇ તેમાં સૈયદ અબદુલ્લા હાર્યો.

પ્ર૦ ફરૂકશીયર પછી કોણ ગાદીએ બેઠું.

ઉ૦ મહમુદશાહ.

પ્ર૦ નાદીરશાહ કોણ હતો?

ઉ૦ એ ઇરાનનો શાહ હતો; તે મોગલને હરાવી દિલ્હીમાં આવ્યો; પ્રથમ તેણે પાદશાહ અને રૈયત ઉપર રેમ નજર બતાવી; પણ દિલ્હીના લોકોએ તેના સિપાઇઓને મારવા માંડયા; તેથી તેણે દિલ્હીમાં કતલ

આપવાનો હુકમ કીધો; આથી લાખો માણસના જીવ ગયા ઇ૦ સ૦ ૧૭૩૮.

પ્ર૦ મહંમદશાહ પછી કોણ ગાદીએ આવ્યું?

ઉ૦ તેનો દીકરો અહમદશાહ.

પ્ર૦ અહમદશાહની કેવી દુર્દશા થઈ?

ઉ૦ આ પાદશાહ ઘણો નબળો હોવાથી ગાજીઉદ્દીનની સલાહથી અમીરોએ તેને ગાદીએથી ઉઠાડી મુકયો, આંધળો કર્યો, અને કેદમાં પુર્યો; ત્યાં તે મરી ગયો; સન ૧૭૫૪ માં.

પ્ર૦ અહમદશાહ પછી થનારા પાદશાહોનાં સાલવાર નામ લખો?

ઉ૦

		વરસ રાજ્ય કર્યું.
આલમગીર બીજો	૧૭૫૪ થી ૧૭૫૯	૫
શાહ આલમ	૧૭૫૯ થી ૧૮૦૬	૪૭
અકબર બીજો	૧૮૦૬ થી ૧૮૩૭	૩૧
મહમદ બાહાદુરશાહ	૧૮૩૭ થી ૧૮૫૭	૨૦

પ્ર૦ શક્કરની લડાઈ કોની કોની વચ્ચે ને કયારે થઈ?

ઉ૦ ૧૭૨૪ માં થઈ, તેમાં નીજામ ઉલમુલ્કે મુબારકખાંનને હરાવ્યો.

પ્ર૦ મોગલાઈ પાદશાહનો અંત શી રીતે આવ્યો?

ઉ૦ મોગલવંશનો છેલો પાદશાહ મહમદ બાહાદુરશાહ ઇંગ્રેજના રક્ષણમાં હતો, તે છતાં ૧૮૫૭ ના બળવામાં સામેલ થઈ ઇંગ્રેજના ખુન કર્યાં, તેથી તેને દેશ નિકાલ દીધો અને તેના વંશજોને તોપને ગોળે ઉડાડી નાંખ્યા આથી મોગલ પાદશાહીનો અંત આવ્યો.

પ્રકરણ ૧૧ મું.

પ્ર૦ માલોજી કોણ હતો?

ઉ૦ દોલતાબાદની પાસે વેરોળ દેશનો માલોજી હતો તે અહમદ નગરના પાદશાહ મલીકંબરના લશ્કરમાં ૫૦૦૦ સ્વારોનો નાયક હતો.

પ્ર૦ માલોજીના દીકરાનું નામ શું?

ઉ૦ શાહજી.

પ્ર૦ શાહજીને કયાં કયાં જાગીરો હતી?

ઉ૦ (૧) સતારાની દક્ષિણે (૨) તંજાવરમાં.

પ્ર૦ શાહજીના દીકરાનું નામ શું ને તેનું બાળ ચરિત્ર લખો?

ઉ૦ શાહજીનો છોકરો શીવાજી ૧૬૨૭ માં જન્મ્યો હતો. શીવાજી પોતાની મા પાસે સતારાની દક્ષિણમાંની જાગીરમાં રહેતો હતો તેને ઉછેરવાની મદદ કરવાને શાહજીએ દાદાજી કાંડે નામે બ્રાહ્મણને રાખ્યો હતો; શીવાજી વાંચતાં લખતાં શીખ્યો નહીં, પણ ઘોડા દોડાવતાં અને તીર, તરવાર, બરછી, વીગેરેનો ઉપયોગ કરતાં શીખ્યો. દાદાજી કાંડેના બોધથી તેનામાં હિંદુ જાતનું અભિમાન આવ્યું; તેથી મુસલમાની રાજ્ય તોડીને હિંદુ રાજ્ય સ્થાપવાનો શીવાજીએ મનસુબો કર્યો.

પ્ર૦ હિંદુસ્તાનમાં હિંદુ રાજ્ય સ્થાપવાની ગોઠવણમાં શીવાજીએ પેહેલ વેહેલાં પરાક્રમ શાં કર્યાં?

ઉ૦ બિજાપુરના કેટલાક કિલ્લા તેણે જીત્યા, અને તેમાંથી ધન મળ્યું; તેના બીજા કિલ્લા બાંધ્યા.

પ્ર૦ શીવાજીને ખાળવાને બિજાપુરના પાદશાહે શું કર્યું?

ઉ૦ બિજાપુરના સરકારે તેના બાપ શાહજીને કેદ કર્યો; પણ શીવાજીએ હિંદુસ્તાન પાદશાહ શાહાજાંની મદદથી તેને છોડાવ્યો.

પ્ર૦ શીવાજીએ શું દગલબાજીનું કામ કર્યું?

ઉ૦ બિજાપુરના પાદશાહે શીવાજીનો નાશ કરવાને અફજલખાંન નામે સરદારને મોટી ફોજ સાથે મોકલ્યો હતો, તે સરદારને શીવાજીએ છેતરીને પ્રતાપગઢની પાસે ડુંગરી કિલ્લામાં એકલો તેડી ઓચિંતો મારી નાંખ્યો.

પ્ર૦ આ પછીશીવાજીના રાજ્યનો વીસ્તાર ક્યાં સુધી થયો?

ઉ૦ કલ્યાણથી ગોવા સુધી, ભીમા નદીથી વર્ધા નદી સુધી અને સુપાથી જંજીરા સુધીના મુલકનો ધણી થયો ઈ૦ સ૦ ૧૬૬૨.

પ્ર૦ શીવાજીએ પહેલ વહેલુ સુરત કેઈ સાલમાં લુંટ્યુ?

ઉ૦ ઈ૦ સ૦ ૧૬૬૩ માં.

પ્ર૦ તે રાજાની પદવી ધારણકરીને ગાદીએ ક્યારે બેઠો?

ઉ૦ તેના બાપ મુઆ પછી ઈ૦સ૦ ૧૬૬૪માં તેણે રાજ્યપદ ધારણ કર્યું.

પ્ર૦ ઈ૦ સ૦ ૧૬૭૦ અને ઈ૦સ૦ ૧૬૭૪ માં શાં શાં કામ કર્યાં?

ઉ૦ ઈ૦સ૦ ૧૬૭૦માં તેણે બીજીવાર સુરતલુંટયું. ઈ૦સ૦ ૧૬૭૪માં રા-
જ્યાભીષેક કરાવી મહારાજાધીરાજ પદ ધારણ કરી બહુ દાન કર્યું.

પ્ર૦ શીવાજી કેઈ સાલમાં મરી ગયો?

ઉ૦ ઈ૦સ૦ ૧૬૮૦માં મરણ પામ્યો.

પ્ર૦ મરેઠા રાજાઓનાં સાલ સાથે નામ લખો?

ઉ૦ શીવાજી ૧૬૬૪. સંભાજી ૧૬૮૦. રાજારામ ૧૬૮૯.
શીવાજી બીજો ૧૭૦૦. શાહુ ૧૭૦૮. રામરાજા ૧૭૪૮
શાહુ બીજો ૧૭૭૭. પ્રતાપસીંહ (બાળા સાહેબ) ૧૮૧૮.
શાહાજી(આપા સાહેબ) ૧૮૪૦ થી ૧૮૪૮ રાજ્ય કર્યું.

પ્ર૦ શીવાજીનો છોકરો સંભાજી કેવી ચાલનો હતો?

ઉ૦ તે ઘણો નીર્દય અને વિષયમાં ગરક થઇ ગયો હતો.

પ્ર૦ સંભાજીની શી વલે થઇ?

ઉ૦ ઔરંગજેબે તેના રાજ ઉપર ચઢાઈ કરીને તેને કેદ કરી લીધો અને
મારી નંખાવ્યો.

પ્ર૦ શીવાજીના વખતથી મુખ્ય પ્રધાનોનાં નાંમ શાં કહેવાતાં?

ઉ૦ પેશ્વા.

પ્ર૦ સંભાજીના પેશ્વાનું નામ શું?

ઉ૦ બાલાજી વીશ્વનાથ

પ્ર૦ પેશ્વાઇ રાજાઓના સાલ સાથે નામ લખો.

ઉ૦ બાલાજી વીશ્વનાથ ૧૭૧૪, બાજીરાવ બલ્લાલ ૧૭૨૦, બાલાજી બી
જો ૧૭૪૦, માધવરાવ ૧૭૬૧, નારાયણરાવ ૧૭૭૨, સવાઇ માધવરા
વ ૧૭૭૪, બાજીરાવ બીજો ૧૭૯૫ થી ૧૮૧૮ સુધી.

પ્ર૦ શાહુ રાજાની ફોજનો સરદાર કોણ હતો?

ઉ૦ ખંડેરાવ ડાભાડે.

પ્ર૦ દામાજી ગાયકવાડ કોણ હતો. ને તે વીશે તમે શું જાણો છો?

ઉ૦ ખંડેરાવ ડાભાડેની ફોજમાં દામાજી ગાયકવાડ નામે શુરો અમલદાર હતો.
તેની ચાકરીથી રાજી થઇ શાહુએ તેને સમશેર બહાદુરનો ખીતાબ આ
પ્યો તથા ઉપ સેનાપતીની જગા આપી, એ દામાજી ગાયકવાડનું કું.
બ હાલ વડોદરામાં રાજ્ય કરેછે.

પ્ર૦ હોલ્કર અને સીંધીયાના વંશના સ્થાપનાર કોણ?

ઉ૦ ઇંદોરમાં હોલકરનો વંશ સ્થાપનાર મલ્હારરાવ હોલ્કર અને ગ્વાલીયર માં સીંધીઆનુ રાજ્ય સ્થાપનાર રાણોજી સિંધીયા હતો.

પ્ર૦ ડભોઇની લડાઇ કોની કોની વચ્ચે થઇ અને તેનું પરીણામ શું થયું?

ઉ૦ ઇ૦સ૦ ૧૭૩૪માં બાજીરાવે ખંડેરાવ ડાભાડેને હરાવ્યો.

પ્ર૦ તે વખતે કયાં કયાં કોનાં રાજ્ય હતાં?

ઉ૦ ૧ પુનામાં રાજધાની કરી પેશ્વા કુલ અખ્તીઆર ચલાવવા લાગ્યા ૨ રઘુજી ભોંસલાનું વરાડમાં રાજ્ય ૩ ધારમાં આણંદરાવના કુંવરનુ રાજ્ય ૪ વડોદરામાં પીલાજીના પુત્ર દામાજી ગાયકવાડનું રાજ્ય ૫ ઇંદોરમાં મલ્હારરાવ હોલ્કરનું રાજ્ય ૬ ગ્વાલીઅરમાં રાણોજી સિંધીઆના દીકરા જ્યાપા સીંધીઆનું રાજ્ય ૭ અકલકોટમાં ફતે-હસંગનું રાજ્ય ૮ કોલાપુરમાં શાહુના પીતરાઇ ભાઇ સંભાજીનું હતુ.

પ્ર૦ બીજા શાહુએ કેઇ સાલમાં પેશ્વાથી સ્વતંત્ર થવાનો યત્ન કરયો?

ઉ૦ સને ૧૮૦૧માં.

પ્ર૦ આ સબબથી પેશ્વાએ શાહુનું શું કરયું?

ઉ૦ પેશ્વાએ તેનું રાજ્ય છીનવી લઇ તેને અને તેના બે દીકરા નામે બાળાસાહેબ અને આપાસાહેબ એ ત્રણેને કેદ કરયા.

પ્ર૦ પેશ્વાનું રાજ્ય કોણે અને કેઇ સાલમાં જીત્યું?

ઉ૦ ઇ૦ સ૦ ૧૮૧૮ માં ઇંગ્રેજે જીતીને બાળાસાહેબ (પ્રતાપસીંઘ)ને સતારાની ગાદીએ બેસાડીને કેટલોક મુલક આપ્યો.

પ્ર૦ બાળાસાહેબને ગાદીએથી કેમ ઉઠાડી મુકયો; ને તેની પછી કોને ગાદી આપી?

ઉ૦ તેના ઉપર ફીતુરનો વહેમ આવવાથી તેને ઉઠાડી મુકયો; ને તેની પછી તેના ભાઇ આપાસાહેબને ગાદીએ બેસાડયો.

પ્ર૦ આપાસાહેબ મરી ગયા પછી રાજ્યનું શું થયું?

ઉ૦ ઇંગ્રેજ સરકારે રાજ્ય ખાલસા કરી લીધું ને તેના દત્ત પુત્ર રાજાસાહે-બને ૫૦,૦૦૦ રૂપીઆનું પેનશન મળે છે; પણ તે રાજા કહેવાતો નથી.

પ્ર૦ પાણીપતની લડાઇ કોની કોની વચ્ચે થઇ ને તેમાં શો પરીણામ થયો?

ઉ૦ અહમદ ફુસની અને વિશ્વાસરાવની વચ્ચે ઇ૦ સ૦ ૧૭૬૧ માં થઇ તેમાં

બિશ્વાસરાવ હાર્યો.

પ્રકરણ ૧૨ મું.

પ્ર૦ ત્રીંબકરાવ મામા, હરીપંથ, રામ શાસ્ત્રી; સખારામ બાપુ અને નાના ફ-નવીસ નામે પ્રખ્યાત પુરૂષોનો કોના રાજ્યમાં ઉદય થયો?

ઉ૦ પહેલા માધવરાવ પેશ્વાના વખતમાં.

પ્ર૦ ડભોઇ તથા અમદાવાદ કયા સરદારે જીત્યા ને કઇ સાલમાં?

ઉ૦ ગાડર્ડ સરદારે ૧૭૮૦ માં જીત્યાં.

પ્ર૦ સાલબાઇનું તહનામું કોની કોની વચ્ચે ને તેમા શી સરતો થઇ?

ઉ૦ સાલબાઇનું તહનામું ૧૭૮૨ માં ઇંગ્રેજ અને મરેઠા વચ્ચે થયું તેમાં એવા કોલ કરાર કર્યા કે મરેઠાનો મુલક ઇંગ્રેજોએ પાછો આપવો. ઇંગ્રેજ તથા પોર્તુગીજ શીવાય બીજી કોઇ યુરોપીયન પ્રજાને મરાઠી રાજ્ય માં રાખવી નહીં; ભરૂચ સીંધીઆને આપવું; કર્ણાટકમાં હૈદરે જીતેલો મુલક પાછો અપાવવાને મદદ કરવી ને રઘોબાને દર મહીને ૨૫૦૦૦ હજાર રૂપીઆનો પગાર પેશ્વાએ આપવો.

પ્ર૦ કર્દલાની લડાઇ કોની કોની વચ્ચે શા કારણથી ને શો પરીણામ થયો?

ઉ૦ નીજામે ચડેલી ખંડણી નહીં ભરી તેથી પેશ્વાએ તેના રાજ્ય ઉપર ચ ઢાઇ કરી અને તેને તાબે થવાની જરૂર પાડી અને નીજામે પેશ્વાને ત્રણ કરોડ રૂપીયા ને કેટલાક પ્રાંતો આપવા એવી સરતો થઇ.

પ્ર૦ વસાઇનું તહનામું કોની કોની વચ્ચે અને તેની સરતો?

ઉ૦ વસાઇનું તહનામું ૧૮૦૨ માં ઇંગ્રેજ અને બાજીરાવ પેશ્વા વચ્ચે થયુ તેમાં એવા કોલ કરાર થયા કે બાજીરાવને ઇંગ્રેજે ગાદી પાછી અપાવવી અને તેના રાજ્યનું રક્ષણ કરવું. એ માટે પુનાની પાસે ઇંગ્રેજ ફોજ રહે અને તેના ખરચ પેટે પેશ્વાએ દર વરસે ૨૬૦૦૦૦ લાખ રૂપીઆ ઇંગ્રેજને આપવા, સુરત ઉપર કશો દાવો રાખવો નહીં, નીજામ તથા ગાયકવાડની વચ્ચે વાંધો પડે તો તેની પંચાત ઇંગ્રેજે કરવી, ઇંગ્રેજને જે યુરોપીઅન જોડે દુશ્મનાવટ હોય તેમને રાજ્યમાં રાખવા નહીં અને ઇંગ્લાંડના નિષ્કપટી મિત્ર રહેવું,

પ્ર૦ પેશ્વાઇ અમલનો અંત કોના વખતમાં આવ્યો ને શી રીતે?

ઉ૦ બાજીરાવ પાછો ઈંગ્રેજ જોડે દગલબાજી કરી લડયો ત્યારે ૧૮૧૮ માં તેને હરાવીને ઈંગરેજોએ તેની ગાદી લેઈ લીધી અને ૮૦૦૦૦૦ લાખનું વર્ષાસન બાંધી આપી જેમ મલ્હારરાવને મદ્રાસ મોકલી દીધોછે. તેમ તેને કનોજ પાસેના બીઠુર ગામમાં રેહેવાને મોકલ્યો આ રીતે પેશ્વાઈ અમલનો અંત આવ્યો ૧૮૧૮ માં.

પ્ર૦ નીચેની બીનાઓ કઈ સાલમાં બની તે લખો; નારણરાવ પેશ્વાનું ખુન, વાર ગામનું તહનામું, સાલબાઈનું, તહનામું, માધવજી સીધીઆનું મૃત્યું, સવાઈ માધવરાવનો આત્મ ઘાત અને સીંધીઆ અને હોલ્કરનું યુદ્ધ.

ઉ૦ નારણરાવ પેશ્વાનું ખુન ૧૭૭૨ માં, વાર ગામનું તહનામું ૧૭૭૯ માં, સાલબાઈનું તહનામું ૧૭૮૨ માં, માધવજી સીધીઆનું મૃત્યુ ૧૭૯૪ માં સવાઈ પેશ્વાનો આત્મઘાત ૧૭૯૫ માં, અને સીંધીઆ અને હોલકર વચે યુદ્ધ ૧૮૦૦ માં થયું.

પ્રકરણ ૧૩ મું.

પ્ર૦ ઈંગરેજોએ મુંબઈ, મદ્રાસ અને કલકતાનગર, શી રીતે વસાવ્યાં?

ઉ૦ પોર્તુગાલના રાજાએ પોતાની કુંવરી ઈંગ્લાંડના બીજા ચારલસ વેરે પરણાવી; તેની પેહેરામણીમાં એ બેટ ચારલસને આપ્યો. ચારલસે તે બેટ પછી ઈસ્ટ ઈંડીઆ કંપનીને વેચાતો આપ્યો; ઈ૦ સ૦ ૧૬૬૮. વિજયનગરના રાજાના ભાઈ પાસેથી જમીન વેચાતી લઈ ઈંગરેજોએ મદ્રાસ વસાવ્યું, ઈ૦ સ૦ ૧૬૩૯. ઔરંગજેબના વખતમાં મુગલ સરકાર પાસેથી કલકત્તા નામે ગામ ઈંગરેજોએ વેચાતું લીધું ને ત્યાં કિલ્લો બાંધ્યો; ને કલકત્તા વસાવ્યું, ઈ૦ સ૦ ૧૬૯૬.

પ્ર૦ અંબુરની લડાઈનું કારણ અને તેનો પરીણામ સાલ સાથે લખો?

ઉ૦ તંજાવરના મરેઠી રાજા પાસેથી ચંદાસાહેબે કેરીકલ બંદર છીનવી લીધું તેથી રાઘોજી અને મોરારીરાવ નામે મરેઠી સરદારોએ કર્ણાટકના નવાબ ઉપર ચડાઈ કરી, નવાબ દોસ્તઅલીને અંબુર આગળ હરાવ્યો; એ લડાઈમાં નવાબ મારયો ગયો; ઈ૦ સ૦ ૧૭૪૧.

પ્ર૦ ઈંગરેજોને દેવીકોટા શી રીતે મળ્યું?

ઉ૦ તંજાવરની ગાદી માટે બે આદમીઓ લડતા હતા, તેમની વચમાં પડ-
વાથી ઈંગરેજોને દેવીકોટા ઈ૦સ૦ ૧૭૪૮ માં મળ્યું.

પ્ર૦ વાંદેવાશની લડાઈ કોનાં કોની વચ્ચે કઈ સાલમાં અને શો પરીણામ થયો?

ઉ૦ ઈંગરેજ સરદાર કર્નલકુટે લાલી અને બુસી નામના ફ્રેંચ સરદારોને હરા
વ્યા; ઈ૦ સ૦ ૧૭૫૯.

પ્ર૦ નીચેની સાલોમાં કેમ કઈ બીનાઓ બની તે લખો? ૧૬૭૪, ૧૭૪૬,
૧૭૪૯, ૧૭૫૦, ૧૭૫૧, ૧૭૫૨, ૧૭૫૫, ૧૭૫૬, ૧૭૬૧.

ઉ૦ ૧૬૭૪ માં ફ્રેંચ લોકોએ પાંદીચરી વસાવ્યું. ૧૭૪૬ માં ફ્રેંચ લોકોએ
મદ્રાસ જીત્યું, ૧૭૪૯ માં ફ્રેંચ સરદાર બુસીએ જીંજીનો કિલ્લો
જીત્યો, ૧૭૫૦ માં ડુપ્લીઆબાદ તથા ડુપ્લીનો કીર્તિ સ્થંભ એમ બે
થયાં, ૧૭૫૧ માં મુજફરજંગનું ખુન અને સલાબતજંગનું ગાદીએ
બેસવું, ૧૭૫૨ માં ત્રીચિનાપલ્લીનો ઘેરો અને તેમાં ઈંગરેજનો જય,
ચંદાસાહેબનું મૃત્યુ. અને કલાઈવનું બીજીવાર ઈંગ્લાંડ જવું.
૧૭૫૫માં, ઈંગરેજ અને ફ્રેંચ વચ્ચે સલાહ થઈ; અને ડુપ્લીનું મરણ
થયું. ૧૭૫૬ મા કલાઈવનું હિંદુસ્તાનમા પાછા આવવું અને ૧૭-
૬૧ મા, લાલીનું મૃત્યુ થયું.

પ્રકરણ ૧૪ મું.

પ્ર૦ અંધારી કોટડીનું મુળ કારણ ને તેનું છેવટ પરીણામ શું?

ઉ૦ બંગાળાનો નવાબ સુરાજ ઉદદૌલાનો કોઈ કેદી ઈંગરેજને શરણે રહ્યો
હતો તે નવાબે પાછો માગ્યો પણ કલકતાના ઈંગરેજોએ તેનો હુકમ
માન્યો નહીં. ત્યારે તેણે ઈંગરેજોની વખારો લુંટી. અને મોટી ફોજ
સાથે કલકતા જીતવાને નિકળ્યો તે કીલ્લામાં થોડા માણસો હતાં. તે
માંથી કેટલાએક માણસો નાશી ગયા, બીજા મરાયા, અને એકસો છે
તાળીસ ઈંગરેજો રહ્યા તેમને નવાબે કેદકરી એક નાની અંધારી કો
ટડીમાં પુર્યા. ત્યાં તેઓ પાણી તથા પવન વિગરેની તંગીથી દુખ ઘણું
પાયા સવારે કોટડી ઉઘાડીને જોયું તો તેમાંથી તેવીસ ઈંગરેજ જીવ
તા નિકળ્યા. આ માઠા સમાચાર મદ્રાસ પોહોંચતાં કલાઈવ મોટું લસ્ક
ર લેઈ બંગાળે આવ્યો કલકતા પાછું જીતી લીધું અને નવાબને હ-

રાચીને તેની સાથે સંધી કરી.

પ્ર૦ આ પછી સુરાજ ઉદદૌલાના દરબારમાં શાં કાવતરાં ચાલ્યાં?

ઉ૦ તેના દરબારીઓ અને કારભારીઓએ છાંની મિજલસ કરી કે સુરા-જ ઉદદૌલાને ગાદીએથી ઉઠાડી મુકીને તેના સેનાધીપતી મીરજાફરને ઈંગરેજની મદદથી ગાદી અપાવવી.

પ્ર૦ અમીચંદ કોણ હતો?

ઉ૦ તે એક મોટો વેપારી વાણીઓ હતો, ને ઈંગરેજ લોકોનો દલાલ હતો તે આછાની મિજલસમાં સામેલ હતો અને તે લોભી હતો. તેથી તેણે કહ્યું કે ત્રીસ લાખ રૂપીઆ મને આપો તો આ કાવતરૂ નવાબથી છાંનુ રાખું; ઈંગરેજે તેની માગણી કબુલ રાખવાનું ડોળ બતાવ્યું ને પાછળથી તેને જુઠુ ખત બનાવીને છેતર્યો તેથી તે બીચારાની કાળજી કટકી ગઈ.

પ્ર૦ પ્લાસીની લડાઈ કોની કોની વચ્ચે થઈ ને તેનો પરીણામ શો થયો?

ઉ૦ સન ૧૭૫૭ માં પ્લાસી આગળ કલાઈવને સુરાજ ઉદદૌલાની લડાઈ થઈ તેમાં કલાઈવ જીત્યો ને મીરજાફરને નવાબ બનાવ્યો અને સુરાજ ઉદદૌલા હાર્યો તેથી વેશ બદલી તે નાઠો કોઈ માણસે તેને બતલાવ્યાથી મીરજાફરે તેને પકડ્યો અને પોતાના દીકરા મીરાનના કબજામાં સોંપ્યો મીરાને તેને કૃર રીતે મારી નાંખ્યો.

પ્ર૦ મીરકાશીમ કોણ હતો ને તેને ઈંગરેજ જોડે કેમ વીગ્રહ થયો?

ઉ૦ બંગાળાનો નવાબ મીરજાફર દેવાદાર થઈ ગયો હતો, તેથી ઈંગરેજોને કબુલ કરેલુ નાણું આપી શકયો નહીં તે ઉપરથી તેમણે મીરજાફરના પૈસાદાર જમાઈ મીરકાસીમને ગાદી આપી. આ મીરકાસીમે કંપનીના ઈંગરેજ લોકોના વેપાર ઉપર હાંસલ ન હોવાથી પોતાના દેશીઓના વેપાર ઉપરથી હાંસલ કાડી નાંખ્યું. તેથી કંપનીની ઉપજને ધકો લાગ્યો, તે ઉપરથી ઈંગરેજ ને તેની વચ્ચે ઘેરીઆ આગળ લડાઈ થઈ.

પ્ર૦ ઘેરીઆ, બકસર, અને કાલ્પીની લડાઈ કોની કોની વચ્ચે ને કેઈ સાલમાં?

ઉ૦ ઘેરીઆની લડાઈ ઈ૦ સ૦ ૧૭૬૩માં ઈંગરેજ ને મીરકાસીમ વચ્ચે થઈ, તેમાં ઈંગરેજ જીત્યા. બકસરની લડાઈ ઈ૦ સ૦ ૧૭૬૪માં અયોધ્યાના સુબા સુજાઉદ-દૌલા ને મીનરો વચ્ચે થઈ, તેમાં સુજાઉદદૌલા હાર્યો.

કાહ્મ્પીની લડાઇ ઇ૦ સ૦ ૧૭૬૪ માં થઇ, તેમાં ઇંગરેજોએ સુજા-ઉદ-દૌલાને તથા મરેઠાઓને હરાવ્યા.

પ્ર૦ ત્રણ એકઠા થયેલા રાજાનાં નામ શાં ને તેઓ એકઠા થઇને ઇંગરેજ સાથે કેઇ લડાઇ લડયા?

ઉ૦ મીરકાશમ, સુજા ઉદદૌલા અને શાહઆલમ એ ત્રણે પટણા આગળ ૧૭૬૧ માં ઇંગરેજ સાથે લડયા પણ તેમાં તેઓ હાર્યા.

પ્ર૦ ક્લાઇવે બીજીવાર ઇંગ્લાંડ જઇ આવ્યા પછી શા શા સુધારા કર્યા?

ઉ૦ તેણે સરકારી અમલદારોને વેપાર કરવાની મના કરી, ને લશ્કરી લોકોને બેવડુ ભાથુ મળતું હતું તે બંધ કર્યું આથી ફોજમાં બંડ ઉઠયું પણ ક્લાઇવે તે બહાદુરીથી સમાવ્યું.

પ્ર૦ રેગ્યુલેટીંગ આકટ (નવી ગોઠવણનો વહીવટ) શો હતો ને તે કેઇ સાલમાં થયો?

ઉ૦ ૧૭૭૩ માં રેગ્યુલેટીંગ આકટ પસાર થયો તેમાં એવું ઠરયું કે બંગાળાનો ગવરનર જનરલ કહેવાય અને તે મદ્રાસ અને મુંબઇના ગવરનરોનો ઉપરી થાય, ગવરનર જનરલની સાથે કામ કરવાને એક કોન્સીલ ઠરાવી. એ કોન્સીલના અને ગવરનર જનરલના અમલ પ્રમાણે હીંદુસ્તાનમાં કંપનીનું રાજ્ય ચાલે, કલકતામાં એક મુખ્ય ન્યાયાધીસ અને ત્રણ ઉપ ન્યાયાધીસોની સુપ્રીમ કોર્ટ સ્થાપી. પહેલ વહેલો ગવરનર જનરલ વોર્નહેસ્તીંગ્સ થયો તેને કોન્સીલના મેમ્બરો સાથે બનતું નહોતું.

પ્ર૦ કાશીના બંડનું કારણ શું?

ઉ૦ ૧૭૮૦ માં કાશીના રાજા ચૈયતસીંગ જોડે કરાર કરતાં હેસ્તીંગ્સે પાંચ લાખ રૂપીઆ વધારે માગ્યા તે રાજાએ આપવાનું ના કહેવાથી હેસ્તીંગ્સે તેનો પચાસ લાખ રૂપીઆ દંડ કર્યો તે દંડ વસુલ કરવાને તે પંડે કાશી ગયો, ને ચૈયતસીંગને કેદ કરયો આ જુલમથી કાશીની રૈયત કોપીને ઇંગરેજી પેહેરેગીરોને મારી નાંખી તેમણે રાજાને છોડાવ્યો ૧૭૮૦ માં.

પ્ર૦ નીચેની સાલોમાં શી શી બીનાઓ બની? ૧૭૫૬, ૧૭૫૭ ૧૭૬૦, ૧૭૬૩, ૧૭૬૪, ૧૭૬૫, ૧૭૬૭, ૧૭૭૪.

ઉ૦ ૧૭૫૬ માં અલીવર્દીખાંનનું મરણ, ૧૭૫૮ શાહઆલમની બંગાળા ઉપ રસ્વારી, ૧૭૬૦ માં પટણાની પેહેલી લડાઈ ક્લાઈવને ઉમરાવ પદવી મ ળી, મીર જાફરને ગાદી ઉપરથી ઉઠાડી મુકયો અને મીરકાશીમનું ગા દીએ બેસવું ૧૭૬૩માં ઘેરીઆની લડાઈ ૧૭૬૪ માં દેશી પલટણનો બળવો ૧૭૬૫ માં મીરજાફરનું મૃત્યુ ૧૭૬૭ માં ક્લાઈવનું છેલી વખત ઈંગ્લાંડ જવું ૧૭૭૪ રોહીલા જોડે યુદ્ધ થયુ.

પ્રકરણ ૧૫ મું.

પ્ર૦ હૈદરઅલીની સંક્ષેપમાં ઉત્પત્તી બતાવો?

ઉ૦ મેસુરના રાજા નંદરાજની ફોજમાં હૈદરઅલી એક ટુકડીનો નાયક હતો ફોજમાં દાખલ થયાપછી તેણે ગાહમ, શુરવીરપણુ અને લસ્કરી મોટા ગુણો બતાવ્યા તેથી તે ફોજમાં મોટી પદવીએ ચડયો પાછળથી તેણે પોતાના હાથ નીચે લુટારાઓનો જમાવ કરીમોટી ફોજ એકઠી કરી પોતાના રાજા ઉપર ચડાઈ કરી તેને ગાદીએથી ઉઠાડી મુકીને પોતે મેસુરની ગાદીએ બેઠો ઈ૦ સ૦ ૧૭૬૧

પ્ર૦ હૈદરઅલી જોડે ઈંગરેજોને કેઈ કેઈ મુખ્ય લડઈયો થઈ તેઓનીસાલ સાથે નાંમ દર્સાવો.

ઉ૦ અંબુર ૧૭૬૭ માં કર્નલસ્મીથે હૈદરને હરાવ્યો ત્રીનોમાલી ૧૭૬૭ માં કર્નલસ્મીથે હૈદરને હરાવ્યો ચંગામ ૧૭૬૭ માં ઈંગરેજે હૈદરને હરાવ્યો પોલીલોરની પેહેલી લડાઈ ૧૭૮૦માં હૈદરે કર્નલબેલીને હરાવ્યો ૧૭૮૧ માં પોર્તોનોવોની લડાઈમાં પોલીગેરની બીજી લડાઈમાં અને શોલીંગર ની લડાઈમાં કર્નલ કુટે હૈદરને હરાવ્યો ૧૭૮૨માં પનીઆનીની લડા ઈમાં ઈંગરેજે હૈદરને હરાવ્યો.

પ્ર૦ કેઈ કેઈ લડાઈમાં હૈદર જીત્યો?

ઉ૦ પોલીલોરની લડાઈમાં તેણે કર્નલ બેલીને ઈ૦સ૦ ૧૭૮૦માં હરાવ્યો હતો ઈ૦સ૦ ૧૭૮૧માં બીસામ્બ્રમની લડાઈમાં તેણે સર આયરકુટને હરાવ્યો.

પ્ર૦ હૈદરઅલીના છોકરા ટીપુ સાથે ઈંગરેજોને કેઈ કેઈ લડાઈઓ થઈ; ને કેઈ સાલમાં.

ઉ૦ ઈ૦ સ૦ ૧૭૯૯ માં માલવેલી અને શ્રીરંગપટણ આગળ ટીપુને ઈં–

ગરેજોએ હુગળપોળ અને છેલ્લી લડાઇમાં એટલે સીરંગપટણની લડાઇમાં તેનુ મોત થયુ.

પ્ર૦ એંગકુલીની લડાઇ કોનાકોની વચે થઇ અને તેનો શો પરીણામ થયો?

ઉ૦ ઇ૦સ૦ ૧૭૭૨માં એંગકુલીની લડાઇ થઇ તેમાં માધવરાવ પેશ્વાએ હૈદરઅલીને હરાવ્યો.

પ્ર૦ મદ્રાસના તહનામાથી શું થયું?

ઉ૦ ઇ૦સ૦ ૧૭૬૯માં મદ્રાસનું તહનામુ થયું તેનાથી લડાઇ થયા પહેલાં બંને પક્ષવાળા જેવી સ્થિતીમાં હતા તેવી સ્થિતીમાં પાછા રહ્યા.

પ્ર૦ હૈદર કેઇ સાલમાં મરી ગયો?

ઉ૦ ઇ૦ સ૦ ૧૭૮૨ માં.

પ્ર૦ નીચેની સાલોમાં કઇ કઇ બીનાઓ બની? ૧૭૬૪, ૧૭૬૬, ૧૭૭૨, ૧૭૮૧, ૧૭૮૪.

ઉ૦ ૧૭૬૪માં હૈદરે બેદનુર લીધું ૧૭૬૬ હૈદરઅલીએ કાલીકટ લીધું ૧૭૭૨ માં કુર્ગ પ્રાન્તમાં કેર ૧૭૮૧માં ઇંગરેજ અને વલંદા વચે યુદ્ધ થયુ, ૧૭૮૪ માં માંગલોરનુ તહનામું.

પ્રકરણ ૧૬ મું.

પ્ર૦ હેસ્ટીંગ્ઝ ક્યારે વિલાયત ગયો; તેના પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ તે ૧૭૮૫ માં વિલાયત ગયો અને તેના પછી લૉર્ડ કાર્નવાલીસ ગવરનર જનરલ થયો.

પ્ર૦ પીટના બીલ વિશે તમે શું જાણોછો?

ઉ૦ પીટ નામે ઇંગરેજી મુખ્ય પ્રધાન હતો તેણે એક કાયદો મંજુર કરાવ્યો તેથી ઇસ્ટ ઇંડીઆ કમ્પનીના ડાયરેકટરોમાંથી ત્રણ જણની તેમણે ગુપ્ત મંડળી નીમી ને તે મંડળી તેમને નામે કામ ચલાવે એ ત્રણને માથે ઇંગ્લાંડના રાજ મંત્રી મંડળમાંથી છ મંત્રીઓની સભા બનાવી અને તેમના હુકમ પ્રમાણે કામ ચાલે એવુ ઠરાવ્યું. એ છમાં જે પ્રમુખ ઠરે તેને ભરતખંડ ખાતાનો પ્રધાન ગણવો કલકત્તાના ગવરનરની કૌન્સિલમાંથી ચાર મેમ્બરોના ત્રણ થયા અને મુંબઇ અને મદ્રાસના ગવર્નરોને માટે કૌન્સિલ ઠરાવી.

પ્ર૦ ફૉક્સનુ બીલ શું હતુ?*

ઉ૦ ફોક્સ નામે મુખ્ય વક્તાએ આમની સભામાં એક કાયદો મંજુર કરવા-ને ધારણા કરી. તેમાં કંપનીનો વહીવટ તેના ડાયરેકટરો પાસેથી લેઈ લઈને પારલેમેન્ટે નીમેલા અમલદારને સોંપવો. અને વેપાર ડાયરેકટરો ને હાથ રાખવો પણ આ કાયદો તેના રાજાને ઠીક લાગ્યો નહીં તે-થી નામંજુર થયો.

પ્ર૦ લાર્ડ કાર્નિવાલીસ ક્યારે આવ્યો?

ઉ૦ ઈ૦ સ૦ ૧૭૮૬ માં આવ્યો.

પ્ર૦ લાર્ડ કાર્નિવાલીસે શા શા સુધારા કર્યા?

ઉ૦ તેણે આવી ઈંગરેજી અમલદારોને માંહે માંહે કકાસ કરતા, લાંચ ખા-તા અને ખોટી રીતે ધન મેળવતા અટકાવ્યા, એ વખતે નોકરોના પગા-ર ટુંકા હતા અને વેપારથી તથા બીજે આડે રસ્તે પૈસા મેળવવાનો પ્રસંગ વધારે હતા અને તેથી કોઈ કોઈ વાર લાલચમાં આવી પડતા આવી અનિતી અટકાવવાને નોકરોના તેમની લાયકી પ્રમાણે પગાર વધાર્યા પક્ષપાત હાંકી કાઢ્યો અને તે ચેતવણી આપ્યા પછી જો ધારા પ્રમાણે ન વર્તે તો શીક્ષા કરવી.

પ્ર૦ ઉત્તર સરકાર પ્રાંત ઈંગરેજોને કોની પાસેથી, કેઈ સાલમાં મળ્યો.

ઉ૦ નીઝામ સરકારે તેના કરાર પ્રમાણે ઉત્તર સરકાર પ્રાંત ઈંગરેજોને ૧૭૮૮ માં આપ્યો.

પ્ર૦ અરકિશાની લડાઇ કોની કોની વચ્ચે અને કેઈ સાલમાં થઈ.

ઉ૦ ૧૭૯૧ માં અરકિશાની લડાઈમાં લાર્ડ કાર્નિવાલીસે ટીપુને હરાવ્યો.

પ્ર૦ કાર્નિવાલીસ પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ લાર્ડ કાર્નિવાલીસ પછી સર જાનસોર થયો ૧૭૯૩.

પ્ર૦ કર્દલાની લડાઇ ક્યારે ને કોની કોની વચ્ચે થઈ?

ઉ૦ ૧૭૯૫ માં કરદલા આગળ મરેઠાઓએ નીજામને હરાવ્યો.

પ્ર૦ સરજાનસોર પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ તેના પછી ૧૭૯૮ માં લાર્ડ મોર્નીંગ્ટન (માર્કવીસ વેલસ્લી) થયો.

પ્ર૦ ઈંગરેજોને સુરત શી રીતે મળ્યું?

ઉ૦ ૧૮૦૦ માં ઈંગરેજે સુરતના નવાબને પેનશન આપી તેની પાસેથી તે

ગોહદ અને તેના પ્રગણાં લઈ લીધાં.

પ્ર૦ લાર્ડ લેક કઈ કઈ લડાઈઓ લડ્યો?

ઉ૦ ૧૮૦૩ માં તેણે દીલ્હી, આગ્રા અને લાસવારી આગળ સીંધીઆને હરાવ્યો, ૧૮૦૪ માં તેણે ફરૂકાબાદની લડાઈમાં હોલકરને હરાવ્યો.

પ્ર૦ સીંધીઆ સાથે ઇંગરેજોને જે લડાઈઓ થઈ તેમના સાલ સાથે નામ લખો?

ઉ૦ ઉપર કહેલી ચાગુ લડાઈઓ અને આરગામની લડાઈમાં પણ ૧૮૦૩ માં જનરલ વેલસ્લીએ સીંધીઆને હરાવ્યો.

પ્ર૦ હોલકર સાથે ઇંગરેજોને કઈ કઈ લડાઈઓ થઈ તેના સાલ સાથે નામ લખો?

ઉ૦ ઉપર કહી ને ફરૂકાબાદની લડાઈમાં અને તેજ સાલમાં ડીગની લડાઈ થઈ તેમાં ફ્રેજરે હોલકરને હરાવ્યો ૧૮૦૪.

પ્ર૦ ગુરખા સાથે ઇંગરેજોને કઈ કઈ લડાઈઓ થઈ તેના સાલ સાથે નામ લખો?

ઉ૦ ૧૮૧૫ માં મલુનની લડાઈ થઈ તેમાં ઇંગરેજે ગુરખાને હરાવ્યા. અને ૧૮૧૬માં મકવાનપુર અને હરિહરપુરની લડાઈ થઈ તેમાં પણ ઇંગરેજે ગુરખાને હરાવ્યા.

પ્ર૦ દેવગામની સંધી વિશે તમે શું જાણો છો?

ઉ૦ ભોંસલેએ દેવગામના મકામે કટક બાલાસુર વર્ધા નદીની પશ્ચિમ કાંઠાનો તથા બીજો કેટલોક મુલક ઇંગરેજને આપવો એવી સંધી કરી તથા તેના પાડોશીનો જોડે વાંધો પડે ત્યારે ઇંગરેજ સરકાર પંચ થઈને જે ઠરાવે તે કબુલ કરવું અને ઇંગરેજના પરદેશી શત્રુઓમાંના કોઈને નોકરીમાં રાખવા નહી એવા બોલીએ સંધી કરી.

પ્ર૦ સીરજી અંજે ગામમાં શી સંધી થઈ?

ઉ૦ સીરજી અંજે ગામમાં સીંધીઆ સાથે ૧૮૦૩ માં સંધી થઈ તેમાં તેણે ઇંગરેજોને ગંગા અને જમનાની વચેનો મુલક જેપુર, જોધપુર, ગોહદની ઉત્તરનો મુલક અહમદનગર, ભરૂચ અને ગાંઘાઠ તથા ગોદાવરીની વચેનો પ્રાંત આપ્યો.

પ્ર૦ લોર્ડ વેલસ્લી ક્યારે વિલાયત ગયો?

ઉ० ઇ० સ० ૧૮૦૫ માં.

પ્ર० નીચેની સાલોમાં શી મુખ્ય બીનાઓ બની ૧૭૮૫ ૧૭૮૮, ૧૭૯૧, ૧૭૯૩, ૧૭૯૮, ૧૭૯૯, ૧૮૦૦, ૧૮૦૨, ૧૮૦૩, ૧૮૦૪, ૧૮૦૫.

ઉ० ૧૭૮૫ માં હેસ્ટીંગ્સ વીલાયત પાછો ગયો ૧૭૮૮ માં ઉત્તર સરકારપ્રાંત ઇંગરેજોને નીજામ પાસેથી મળ્યો; ૧૭૯૧ માં અરીકેરાની લડાઇ થઇ ૧૭૯૩ માં સરજાનસોર ગવરનર જનરલ થયો અને મી૦ ચેરીનુ ખુંન; ૧૭૯૮ માં લાર્ડ મોર્નીંગ્ટન ગવરનર જનરલ થયો; ૧૭૯૯ માં સદાસીવ માલવેલી અને સીરંગપટણની લડાઇઓ તથા ટીપુનુ મોત, ૧૮૦૦માં ઇંગરેજોએ સુરત લીધુ; ૧૮૦૨ માં વસાઇનુ તહનામું; ૧૮૦૩માં અ-સાઇ; દીલ્હિ; લાસ્વારી; અને આરગામની લડાઇઓ થઇ તથા દેવ ગામ સીરજી અંજે ગામની સલાહ; ૧૮૦૪માં દીગ અને ફરૂકાબાદની લડાઇઓ થઇ; ૧૮૦૫ માં લોર્ડ વેલેસલી વિલાયત પાછો ગયો.

પ્રકરણ ૧૭ મું.

પ્ર० લાર્ડ વેલેસ્લી ક્યારે વિલાયત ગયો ને તેના પછી કોણ આવ્યું?

ઉ० લાર્ડ વેલેસ્લી ૧૮૦૫ માં વિલાયત ગયો તેના પછી કાર્નવાલીસ બીજી વાર ગવનર જનરલ થઇને આવ્યો.

પ્ર० વેલોરના બંડ વિશે તમે શું જાણો છો?

ઉ० ૧૮૦૧માં મદ્રાસ ઇલાકામાં વેલોરની છાવણીમાં ઇંગરેજની રૈયતે બળવો કર્યો અને વેલોરમાં ટીપુના છોકરાને કેદ કરાવ્યા હતા એ કુંવરોનું એ કામમાં ઉત્તેજન હતું શીપાઇઓએ ૧૧૩ ઇંગરેજોને કતલ કરયા પણ થોડી વારમાં કર્નલગીલેસ્પી આવી પોહોચ્યો ને તરત બંડ સમાવ્યું.

પ્ર० કાર્નવાલીસ પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ० સરજાન બારલો ૧૮૦૫.

પ્ર० બારલો પછી કોણ આવ્યું?

ઉ० લાર્ડ મીન્ટો ૧૮૦૭ માં ગવરનર જનરલ થયો.

પ્ર० રણજીતસીંહ જોડે શા શા કરારો થયા?

ઉ० પંજાબનો જોરાવર રાજા રણજીતસીંહ હતો; ગવરનર જનરલ લાર્ડ મી-

ન્ટોએ તેના દરબારમાં વકીલો મોકલી કરાર કરાવી લીધો કે સતલજ-ના ઈંગરેજી રાજ્ય ભણીના કાંઠા ઉપરના તાલુકદારોને તેણે પજવવા નહીં.

પ્ર૦ સીંધ, કાબુલ અને ઈરાન જોડે શાં તહનામાં થયાં?

ઉ૦ સીંધ, કાબુલ અને ઈરાનના અધીપતીઓ જોડે દોસ્તી કરી ગવરનર જનરલે કબુલાત લીધી કે તેમના મુલકમાં ઈંગરેજના દુશ્મનની ફોજને પેસવા દેવી નહીં.

પ્ર૦ લાર્ડ મીન્ટો પછી કોણ ગવરનર જનરલ થયું?

ઉ૦ ૧૮૧૭ માં લાર્ડ મીન્ટો વિલાયત ગયો અને ૧૮૧૪ માં લાર્ડ હેસ્તીંગ ગવરનર જનરલ થયો.

પ્ર૦ પીંઢારા કોણ હતા?

ઉ૦ મધ્ય હીંદુસ્તાનમાં પીંઢારાઓના હજારો લુટારાઓનાં ટોળે ટોળાં ફરતાં હતાં તેઓને મરેઠા રાજાઓનો આશ્રય હતો; દસરા પછી નીકળી ઉત્તર, દક્ષિણ, પશ્ચિમ, અને પુર્વમાં ફેલાઈ હજારો ગામો અને કસ્બા લુંટતા ને લોકોને પીડતા. દાટેલું ધન મનાવવાને મરચાં તથા ઉની રાખના તોબરા મોડે બાંધીને માર મારતા અને તેમના નાયક કરીમખાં ન અને ચીતુ હતા.

પ્ર૦ ભરતખંડમાં વર્તમાન પત્ર કયા ગવરનર જનરલના વખતમાં પહેલ વેહેલું નીકળ્યું?

ઉ૦ લાર્ડ હેસ્તીંગસના વખતમાં.

પ્ર૦ લાર્ડ હેસ્તીંગસ કયારે વિલાયત ગયો?

ઉ૦ ઈ૦ સ૦ ૧૮૨૩ માં.

પ્ર૦ ખડકી, કોરેગામ, આશટે, માહીદપુર, નાગપુર અને જબલપુરની લડાઓ કોની કોની વચ્ચે થઈ?

ઉ૦ ખડકીની ૧૮૧૭ માં ઈંગરેજને પેશ્વા વચ્ચે થઈ તેમાં પેશ્વા હાર્યો, કોરેગામની લડાઈ ૧૮૧૭ માં થઈ તેમાં ઈંગરેજે મરેઠાને હરાવ્યા, આશટેની લડાઈ ૧૮૧૮ માં ઈંગરેજ અને ગોખલે વચ્ચે થઈ તેમાં ગોખલે હાર્યો, માહીદપુરની લડાઈ ૧૮૧૭ માં થઈ તેમાં સર હીસલો તથા સર-આલકમે હોલકરને હરાવ્યો, નાગપુરની લડાઈ ૧૮૧૭ માં થઈ તેમાં ઈં

ગરેજે મરેઠાને હરાવ્યા, જબલપુરની લડાઇ ૧૮૧૭ માં થઇ તેમાં ઈંગ્રેજે મરેઠાને હરાવ્યા.

પ્ર૦ નીચેની સાલોમાં કઇ કઇ મુખ્ય બીનાઓ બની? ૧૮૦૬, ૧૮૦૯, ૧૮૧૩, ૧૮૧૪, ૧૮૧૬, ૧૮૧૭, અને ૧૮૧૮.

ઉ૦ ૧૮૦૬ માં વેલોરમાં બંડ થયું, ૧૮૦૯ માં રણજીતસીંહ જોડે કરાર અને સીધુ, ઇરાન અને કાબુલના તહનામાં, ૧૮૧૩ માં ઇસ્ટ ઈંડીઆ કંપનીને સ્વતંત્રપણે ચીનના વેપારના ઇજારાની સનંદ મળી અને કલકતામાં બિશપની નીમણુંક, ૧૮૧૪ માં નેપાળ જોડે યુદ્ધ, ૧૮૧૬ માં ગુરખા જોડે સંધી તથા ગંગાધર શાસ્ત્રીનું ખુન, ૧૮૧૭ માં ખડકી, કોરેગામ અને માહીદપુરની લડાઇઓ તથા પીંઢારા લોકનો અંત, ૧૮૧૮ માં પેશ્વાનો અંત અને આશટેની લડાઇ અને બાજીરાવ પેશ્વાને ગાદી ઉપરથી ઉઠાડી મૂકી બીઠુરમાં રહેવા મોકલ્યો.

પ્રકરણ ૧૮ મું.

પ્ર૦ હીંદુસ્તાનમાં કેળવણી ખાતુ સરકાર તરફથી પ્રથમ કયા ગવરનર જનરલના વખતમાં સ્થાપ્યું?

ઉ૦ લાર્ડ હેસ્તીંગસના વખતમાં.

પ્ર૦ લાર્ડ હેસ્તીંગસ પછી કોણ ગવરનર જનરલ થયું?

ઉ૦ ૧૮૨૩ માં લાર્ડ આમ હર્સ્ત થયો.

પ્ર૦ બ્રહ્મી લોક સાથે લડાઇનું કારણ શું?

ઉ૦ ૧૮૨૩ માં બ્રહ્મી રાજાએ ઈંગરેજના તાબાના એક બેટને કબજે કર્યો અને વળી ઈંગરેજના મિત્ર કાચારના રાજાના મુલક ઉપર સ્વારી કરી જનરલ કેમ્પબેલે બ્રહ્મી લોકોને હરાવી તેમના રાજાને સલાહ કરવાની જરૂર પાડી.

પ્ર૦ બ્રહ્મી લોકો સાથે ઈંગરેજોને કેઇ કેઇ લડાઇઓ થઇ?

ઉ૦ ઇ૦ સ૦ ૧૮૨૪ માં રંગુનની લડાઇ થઇ તેમાં ઈંગરેજે બ્રહ્મીઓને હરાવ્યા. ઇ૦ સ૦ ૧૮૨૫ માં પ્રોમની લડાઇ થઇ તેમાં ઈંગરેજે બ્રહ્મીઓને હરાવ્યા; ઇ૦ સ૦ ૧૮૨૫ માં પગામની લડાઇ થઇ તેમાં સર આર્ચીબાલ્ડ કેમ્પબેલે બ્રહ્મીઓને હરાવ્યા. ત્યાર પછી બીજીવાર પાછો

બ્રહ્મી લોકો સાથે વીગ્રહ થયો; તેમાં ઇ૦ સ૦ ૧૮૫૨ માં રંગુનની લડાઈ થઇ, તેમાં ઇંગરેજે બ્રહ્મીઓને હરાવ્યા. અને તેજ સાલમાં પેગુની લડાઇ થઇ, તેમાં પણ ઇંગરેજોએ બ્રહ્મીઓને હરાવ્યા.

પ્ર૦ બ્રહ્મદેશના રાજા સાથે પેહેલા વિગ્રહના અંતે શી સંધી થઇ?

ઉ૦ તેણે ઇંગરેજોને ૧ કરોડ રૂપીઆ આપ્યા અને તેની સાથે આસામ, આરાકાન અને ટેનાસરીમ પ્રાંતો આપ્યા.

પ્ર૦ બરાકપુરનાં બંડનુ વરણુન લખો?

ઉ૦ બ્રહ્મ દેશમાં પહેલે વરશે ફોજ મોકલી તેને હવા પાણીની હરકતો નડવાથી ઘણાક રોગથી મરી ગયા ત્યા બ્રહ્મી લોકોને જાદુ આવડે છે તેથી તેઓ અજીત છે અને તેમના દુશ્મનો મરી જાય છે, એવી અફવા ઉડવાથી દેશી સીપાઇનાં મન ડરી ગયાં, બરાકપુરના દેશી સીપાઇઓને બ્રહ્મ દેશની લડાઇમાં જવાને હુકમ થયાથી તેઓ દીલગીર થયા અને તેમાંથી સુડતાળીસમી પલટણે તો હુકમ માનવાની સાફ ના કહી તે માટે તેમના ઉપર ઇંગરેજોએ તોપો ચલાવી તેથી કેટલાક મરી ગયા અને કેટલાકને બરતરફ કરયા ઇ૦સ૦ ૧૮૨૧.

પ્ર૦ લોર્ડ આમહર્સ્ટ પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ ઇ૦સ૦૧૮૨૮ માં લૉર્ડ વીલીઅમ બેંટીક થયો.

પ્ર૦ લોર્ડ વીલીઅમ બેંટીકના વખતમાં શા સુધારા ને પ્રખ્યાત કામો થયાં?

ઉ૦ તેણે લશ્કરી અને મુલ્કી ખરચમાં ઘટાડો કરયો; દેશીઓને મોટી નોકરી આપવાનો ધારો કરયો; અને ન્યાય ખાતામાં મુનસફ સદર અમીનો વીગરે ઠરાવ્યા; અદાલતોમાં ફારસીમાં કામ ચાલતું તે બંધ કરી અદાલતના ગામની દેશી બોલીમાં કામ ચલાવવાનો કાયદો કરયો; સતી થવાનો ચાલ બંધ કરયો, ઠગ લોકોને (ફાંશીઆ)નો નાશ કરયો; અને કેળવણી ખાતામાં ઇંગરેજી બોલી દાખલ કરી; એના વખતમાં હિંદુસ્તાનમાં પહેલવહેલી આગબોટો આવી.

પ્ર૦ છાપખાંનાને છુટ આપવાનો કાયદો કોણે કર્યો?

ઉ૦ લોર્ડ વુલીયમ બેન્ટીક પછી કામ ચલાઉ થયેલા (આકટીંગ) મેત્કાફે.

પ્ર૦ બેન્ટીક પછી કોણ ગવરનર જનરલ થયું?

ઉ૦ લૉર્ડ આકલાંન્ડ ૧૮૩૬ થી ૧૮૪૨ સુધી.

પ્ર૦ લૉર્ડ આકલાંન્ડના વખતમાં શી શી બીનાઓ બની?

ઉ૦ અફ્ગાનીસ્તાન સાથે વીગ્રહ ૧૮૪૧ અને ચીન સાથે યુદ્ધ ૧૮૪૨ માં.

પ્ર૦ ચીન સાથે વીગ્રહ થવાનુ કારણ લખો?

ઉ૦ હીંદુસ્તાનમાંથી પુષ્કળ અફીણ ચીનમાં જતુ તેના વ્યસનથી લોકોમાં ખરાબી પેઠી હતી. માટે અફીણ દેશમાં આવતું અટકાવવાને ચીનના રાજાએ ઉપાય કર્યો. પણ અફીણ દેશમાં છાનું માનું આવવા લાગ્યુ તે ચોરી પકડવાના કામમાં ચીનના અમલદારોએ ઈંગરેજી પ્રજાને ઘણી પીડા કરી તેથી આકલાંન્ડે ગાફ સાહેબને મોકલી ચીનાઓને હરાવ્યા. અને સલાહ કરવાની જરૂર પાડી.

પ્ર૦ આ ચીનની સલાહમાં શા શા કોલ કરારો થયા?

ઉ૦ ઈંગરેજને હાંગકાંગ બેટ આપ્યો તથા ચીનના ચાર બંદરોમાં વેપાર કરવાની રજા આપી.

પ્ર૦ નીચેની સાલોમાં શી શી મુખ્ય બીનાઓ બની? ૧૮૨૧, ૧૮૨૮, ૧૮૩૯, ૧૮૪૧, ૧૮૪૨.

ઉ૦ ૧૮૨૧ માં બરાકપુરમાં બંડ, ૧૮૨૮ માં ઈંગરેજોએ કુર્ગ પ્રાંત જીતી લીધો, સતી થવાનો ચાલ બંધ કરયો અને ઠાંગીઆ લોકોનો નાશ થયો, ૧૮૩૯ માં ઈંગરેજોએ ગીજની જીત્યું, કાબુલ કબજે કર્યું, ૧૮૪૧ માં કાબુલમાં ખીલજીઓનુ હુલડ અને સર વુલીઅમ મેકનાટનું ખુન, ૧૮૪૨ માં ચીન જોડે યુદ્ધ અને ચીન સાથે સંધી થઈ.

પ્રકરણ ૧૯ મું.

પ્ર૦ આકલાંડ પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ આકલાંડ પછી લાર્ડ એલીનબરો થયો ૧૮૪૨ માં.

પ્ર૦ અફગાન સાથે કેઈ કેઈ લડાઈઓ થઈ?

ઉ૦ ૧૮૪૦ માં પરવાનની લડાઈ થઈ તેમાં ઈંગરેજે દોસ્ત મહમદને હરાવ્યો, ૧૮૪૨ માં કંદહારની લડાઈ થઈ તેમાં જનરલ નાટે અફ્ગાનોને હરાવ્યા.

પ્ર૦ સીંધ સાથે વીગ્રહ થવાનુ કારણ શું?

ઉ૦ સીંધના અમીરોએ અફ્ગાનીસ્તાનની લડાઈમાં ઈંગરેજી ફોજને ઘણી

હરકત કરી હતી તેથી ઈંગરેજોએ સીંધ ઉપર સ્વારી કરી.

પ્ર૦ સીંધના અમીરો સાથે કેઇ કેઇ લડાઇઓ થઇ?

ઉ૦ ૧૮૪૩ મા મીયાનીની લડાઇ થઇ તેમાં સર ચારલસ નેપીઅરે સીંધના અમીરોને હરાવ્યા અને ૧૮૪૩ પછી હૈદ્રાબાદની લડાઇ થઇ તેમા પણ નેપીઅરે અમીરોને હરાવ્યા.

પ્ર૦ ઈંગરેજોને સીંધ દેશ શી રીતે મળ્યો?

ઉ૦ ત્યાંના અમીરોને હરાવી ગાદી ઉપરથી ઉઠાડી મુકીને ૧૮૪૩ માં સીંધ દેશને ઈંગરેજી રાજ્ય સાથે ભેળી દીધો.

પ્ર૦ માહારાજપુરની લડાઇ કોની કોની વચ્ચે ને તેનુ કારણ શું?

ઉ૦ જે કોજી સીંધીઆના મરણ પછી એક નાના દત્ત પુત્રને ગાદી આપી તેની વતી કારભાર ચલાવવાને રાણી બાઇજાબાઇ અને મામા સાહેબ વચ્ચે વાંધો ઉઠયો ઈંગરેજે મામા સાહેબનો પક્ષ સ્વીકારયો તેથી મરાઠા સામા થયા ને લડાઇ થઇ તેમાં માહારાજપુર આગળ ૧૮૪૩ મા લાર્ડ ગાફે સીંધીઆને હરાવ્યો.

પ્ર૦ પનીઆરની લડાઇ કોની કોની વચ્ચે થઇ?

ઉ૦ એ લડાઇમાં ગ્રે સરદારે સીંધીઆને હરાવ્યો ૧૮૪૩ મા.

પ્ર૦ લાર્ડ એલનબરો પછી કોણ ગવરનર જનરલ થયું?

ઉ૦ ૧૮૪૪ માં લાર્ડ એલનબરો પછી લાર્ડ હાર્ડીંગ થયો.

પ્ર૦ શીખ લોક સાથે લડાઇનું કારણ શું?

ઉ૦ પંજાબના રાજા રણજીતસીંહની કેડે બે ત્રણ રાજા થઇ ગયા ત્યાર પછી તેની માનીતી રાણી ચંદાકુંવરના પુત્ર દુલીપસીંગને ગાદી મળી; રાજા બાળક હતો તેથી ઉમરાવોની સભા રાજ્યનો કારભાર કરતી, શીખ લશકર કવાયત પામેલું હતું તેથી તેને ચેન પડતું નહોતું. તેથી ઉમરાવોને તે લશકરનો ડર લાગવાથી ઈંગરેજના મુલક ઉપર સ્વારી કરવાને મોકલ્યું આ મનસુબો જાણીને હાર્ડીંગે પંજાબની સીમા ઉપર ફોજ એકઠી કરી આથી શીખ લોકોને લડવાનું કારણ જડયું.

પ્ર૦ ઈંગરેજોને શીખ લોક સાથે કઇ કઇ લડાઇઓ થઇ?

ઉ૦ ૧૮૪૫માં મુદકીની લડાઇ થઇ તેમાં ગાફ સાહેબે શીખ લોકોને હરાવ્યા ૧૮૪૫ માં ફીરોજશેહેરની લડાઇ થઇ તેમાં ઈંગરેજોએ શીખ લોકો

ને હરાવ્યા, ૧૮૪૫ માં ખદીવાલની લડાઈ થઈ તેમાં ઈંગરેજે શીખ લોકોને હરાવ્યા, ૧૮૪૬ માં અલીવાલની લડાઈ થઈ તેમાં સ્મીથે શીખ લોકોને હરાવ્યા, ૧૮૪૬ માં સોબ્રાનની લડાઈ થઈ તેમાં સર હ્યુ ગાફે અને હેનરી સ્મીથે તેજસીંગ તથા શ્યામસીંગ સરદારોને હરાવ્યા, ૧૮૪૯ માં રાંમનગરની લડાઈ થઈ તેમાં ગાફ સાહેબે શેરસીંગ તથા ચતુરશીંગને હરાવ્યા, ૧૮૪૯ માં ચિલીઅનવાળાની લડાઈ થઈ તેમાં ગાફ સરદારે શેરસીંગને હરાવ્યો, ૧૮૪૯ માં કીનીરીની લડાઈ થઈ તથા સદુસેનની લડાઈ થઈ તેમાં ઈંગરેજે શીખ લોકોને હરાવ્યા, ૧૮૪૯ માં ગુજરાતની લડાઈ થઈ તેમાં ગાફ સરદારે શીખ લોકોને હરાવ્યા.

પ્ર૦ શીખ લોકો સાથે શી સંધી થઈ?

ઉ૦ સતલજ અને બીઆ નદીની વચેનો પ્રાંત અને લડાઈનો ખરચ ઈંગરેજોને આપવો. પંજાબની ગાદીએ દુલીપસીંહ રહીને ઉમર લાયક થાય ત્યાં સુધી ઉમરાવોની સભા કામ ચલાવે તે સભા બ્રીટીશ રેસીડેન્ટની આજ્ઞા પ્રમાણે ચાલે અને રાજ્ય રક્ષણને માટે લાહોરમાં ઈંગરેજી ફોજ રહે.

પ્ર૦ કાશમીર પ્રાંત ઈંગરેજોને શીખ લોકોએ આપ્યો હતો તેનુ તેમણે શું કરયું?

ઉ૦ એક કરોડ રૂપીઆએ ગુલાબસીંગને વેચાતો આપ્યો.

પ્ર૦ હાર્ડીંગ પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ હાર્ડીંગ પછી ૧૮૪૮ માં લોર્ડ ડેલોજી આવ્યો.

પ્ર૦ લોર્ડ ડેલોજીના વખતમાં શા મુખ્ય બનાવ બન્યા?

ઉ૦ શીખ અને બ્રહ્મી લોકો સાથે બીજી વાર યુદ્ધ અયોધ્યા અને નાગપુર ખાલસા કરી ઈંગરેજી રાજ્ય સાથે ભેળવી દીધાં. રેલવે અને તાર એના વખતમાં થયાં.

પ્ર૦ શીખ લોક સાથે બીજી વાર વીગ્રહનું કારણ શું?

ઉ૦ લાહોરના સરદાર મુળરાજે રાજીનામું આપ્યું તેની જગાએ બીજો ગયો કે તરતજ મુલતાનની ફોજે બંડ કર્યું અને થોડા ઈંગ્રેજોને ક્તલ કર્યા; મુળરાજે મારનારને ઈનામ આપી લડાઈની તૈયારી કરી એટલે

મા શીખ લોકો તેને જઇ મળ્યા અને લડાઇ થઇ.

પ્ર० પંજાબ ઇંગરેજોને શી રીતે મળ્યું?

ઉ० ત્યાંના રાજા દુલીપસીંગને પેનસન આપી પંજાબને ખાલસા કરી ઇંગરેજી રાજ્ય સાથે મેળવી દીધુ.

પ્ર० બ્રહ્મદેશની બીજી લડાઇનું કારણ શું?

ઉ० આવાનો ગવરનર ઇંગરેજી રૈયતને પીડતો હતો તેથી ઇંગરેજી લશકરે તેના ઉપર સ્વારી કરી અને તેને સંધી કરવાની જરૂર પાડી?

પ્ર० તેની સાથે શી સરતો થઇ?

ઉ० જુની સંધી કાયમ રાખી તેની સાથે પેગુ પ્રાંત ઇંગરેજોને વધારે આપ્યો.

પ્ર० નાગપુર અને અયોધ્યા ઇંગરેજોને શી રીતે મળ્યું?

ઉ० નાગપુરનો રાજા અપુત્ર મુઓ તેથી તેનુ રાજ્ય ખાલસા કરી ઇંગરેજી રાજ્ય સાથે મેળવી દીધું, ૧૮૫૩ માં અને અયોધ્યાના નાલાયક રાજાને પકડીને જેમ મલ્હારરાવને મદ્રાસ લઇ ગયા તેમ તેને કલકતે લઇ ગયા અને તેનું રાજ્ય ખાલસા કરી ઇંગરેજી રાજ્ય સાથે ૧૮૫૧માં મેળવી દીધું.

પ્ર० લાર્ડ ડેલોજી કયારે વિલાયત ગયો?

ઉ० ૧૮૫૬ માં પાછો ગયો.

પ્ર० નીચેની સાલોમાં શી શી મુખ્ય બીનાઓ બની? ૧૮૪૩, ૧૮૪૪, ૧૮૪૫, ૧૮૪૮, ૧૮૪૯, ૧૮૫૩, ૧૮૫૬ માં.

ઉ० ૧૮૪૩ માં ગ્વાલીઅરનુ તોફાન અને સીંધ દેશને ઇંગરેજી રાજ્ય સાથે જોડી દીધું; ૧૮૪૪ માં લોર્ડ એલનબરોને બરતરફ કર્યો; ૧૮૪૫ માં મુડકી અને ફીરોજ શેહેરની લડાઇઓ થઇ; ૧૮૪૮ માં પંજાબમાં ફુસદ; ૧૮૪૯ માં પંજાબને ઇંગ્રેજી રાજ્ય સાથે મેળવી દીધો; ૧૮૫૩ માં બ્રહ્મ દેશની સંધી અને નાગપુર ઇંગ્રેજી રાજ્ય જોડે જોડી દીધું; ૧૮૫૬ માં અયોધ્યાને ઇંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધું.

પ્ર०

ઉ०